Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Rg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ शार्दूलविक्रीडितवृत्तम् ॥

कालो दुस्तर आगतो जनमनो भोगेषु मग्नं भृशम् ।
धर्मो विस्मृत आत्मरूपमहहा न ज्ञायते केनचित् ॥
धावन्तीह जना धनाय बहुशः कामाहतास्तद्धृदि ।
'आत्मानन्द प्रकाश' दीपकिरणं प्राप्नोतु शश्वत्पदम् ॥ १ ॥

पु. २०. | वीर सं. २४४९. वैशाख. आत्म सं. २७ | अंक १० मो.

प्रकाशक–श्री जैन आत्मानन्द सभा–भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ મહાવીર જિન સ્તવન... ... | ૨૩૭ | ૭ સમયના પ્રવાહમાં કાંઇક. ... | ...૨૫૧ |
| ૨ સામાયિક, પ્રતિક્રમણ અને દેવવંદનાદિ ધર્મમાં કરવો જોઇતો આદર. | ૨૩૮ | ૮ આત્માના જ્ઞાનાદિક ગુણોને પુષ્ટ આપનાર પૌષધ. ... ... | ...૨૫૪ |
| ૩ ઉદ્દેશ[illegible]ર્યપ્રણ[illegible]માં મૌલિકતા. | ૨૩૯ | ૯ શીલરૂપ નવ વાડનું સ્વરૂપ... | ...૨૫૫ |
| ૪ વિ[illegible] ... | ...૨૪૩ | ૧૦ હિત–વચનો... ... ... | ...૨૫૭ |
| ૫ ભ[illegible] ... | ...૨૪૮ | ૧૧ શુદ્ધ સંયમ–આત્મ નિગ્રહથી થતી આત્મશાન્તિ. ... ... | ...૨૫૮ |
| ૬ સ્વાર્થમય જગત. શુભ પ્રવૃત્તિ કોને કહેવી ? | ...૨૪૯ | ૧૨ સ્વીકાર અને સમાલોચના... | ...૨૫૯ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વીશમા વર્ષની અપૂર્વ ભેટ.

## શ્રીસુમુખનૃપાદિ ધર્મપ્રભાવકોની કથા.

### (જેમાં ચંદ્રવીરશુભા-ધર્મધન-સિદ્ધદત્ત કપિલ અને સુમુખનૃપાદિ કથાઓ આવેલી છે)

અમારા માનવંતા ગ્રાહકોને જણાવવા રજા લઇયે છીયે કે દરવર્ષ મુજબ આ વર્ષે પ્રત્યેક જૈન બંધુઓ વગેરેને જાણવા અને આદરવા યોગ્ય તત્ત્વજ્ઞાન સાથે ઉપદેશાત્મક વિવિધ ચાર રસિક અને સરલ કથાઓ જેમાં આવેલી છે તેવો ઉપરોક્ત ગ્રંથ શ્રી આત્માનંદ પ્રકાશ માસિકના ગ્રાહકોને ભેટ આપવાનું પસંદ કરવામાં આવ્યું છે.

આ ઉપદેશક કથાના ગ્રંથકર્ત્તા મહાન્ ધુરંધર વિદ્વાન આચાર્ય શ્રી મુનિ સુંદરસૂરિજી છે કે જેમણે જૈનધર્મના અનેક ગ્રંથો લખી જૈન કોમ ઉપર મહાન ઉપકાર કરેલો છે. આ મહાન આચાર્યે પોતાની વિદ્વત્તાપૂર્ણ કલમથી આ કથાનો ગ્રંથ સંવત ૧૪૮૪ની સાલમાં ભવ્યજનોના કલ્યાણના અર્થે બનાવેલ છે. તેમાં આવેલ શ્રાવક ધર્મ પ્રભાવ ઉપર ચંદ્રવીરશુભાની કથા ર દાનાદિ પુણ્ય ફળ ઉપર ધર્મધનની કથા. ૩ શ્રાવકધર્મની આરાધના વિરાધના ઉપર સિદ્ધદત્ત કપીલની કથા અને ચાર નિયમ પાળવા ઉપર સુમુખ નૃપાદિ ચાર મિત્રોની કથા. આ ચાર કથાઓ એટલી બધી સુંદર, રસિક, પ્રભાવશાલી, ગૌરવતા પૂર્ણ, ચમત્કારિક અને ઉપદેશપ્રદ છે કે તે ચારે કથા વાંચતા રોમરોમ વિકસ્વર થતાં ધર્મ ઉપર શ્રદ્ધા થવા સાથે તે તે ધર્મવૃત્તિ આત્મામાં પ્રકટ થતાં તે પ્રમાણે ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં, દરેક મનુષ્ય પોતાના આત્માને મોક્ષ નજીક લાવી મૂકે છે. આવી અપૂર્વ રચના આ ગ્રંથના કર્ત્તા મહાનુભાવ શ્રીમાન્ મુનિ સુંદરસૂરિ મહારાજે કરી છે, અને તેથીજ તે ઉત્તમ રચના જાણી તેનો લાભ અનેક ભવ્યજનો લેશે તેમ ધારી પ્રવર્તકજી શ્રી કાન્તિવિજયજી મહારાજના વિદ્વાન શિષ્ય મુનિરાજ શ્રી ચતુરવિજયજી મહારાજે આ ગ્રંથ ગુજરાતી ભાષામાં તૈયાર કરી અમારા ગ્રાહકોને આ વર્ષે ભેટ આપવા આજ્ઞા કરવાથી આ ઉત્તમ ગ્રંથ છપાવી પ્રકટ કરી ભેટ આપવાનો નિશ્ચય કર્યો છે. કાગળ અને છપાવવા વિગેરે તમામ પ્રકારની મોંઘવારી છતાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તેજ મુજબ નિયમિત દર વર્ષ મુજબ ભેટની બુક આપવાનો ક્રમ માત્ર અમોએજ રાખ્યો છે તે અમારા સુજ્ઞ ગ્રાહકોનાં ધ્યાન બહાર હશેજ નહિ. ઉંચા કાગળો ઉપર સુંદર ટાઇપથી છપાવી સુશોભિત બાઇન્ડીંગ સાથે આ ગ્રંથ પ્રકટ કરવામાં આવેલ છે. આવી રીતે મોંઘવારી ચાલતી હોવા છતાં અત્યાર સુધી કોઇપણ લવાજમ માસિકનું ન વધાર્યા છતાં ( જોકે દરેક માસિકોએ પોતાના લવાજમમાં વધારો કર્યો છે, છતાં ) તેજ લવાજમથી આ માસિક અને આવી સુંદર બુક ભેટ આપવામાં આવે છે, જે અમારા જૈન બંધુઓના જાણવામાં હોવુંજ જોઇએ.

બાર માસ થયાં ગ્રાહકો થઇ તેમાં આવતા વિવિધ લેખોનો આસ્વાદ લેનારા માનવંતા ગ્રાહકો આ ભેટની બુકનો સ્વીકાર કરી લેશેજ એમ અમોને સંપૂર્ણ ભરોસો છે; તથાપિ અત્યાર સુધી ગ્રાહકો રહ્યા છતાં ભેટની બુકનું વી. પી. જે ગ્રાહકોને પાછું વાળવું હોય અથવા છેવટે બીજા બ્હાનાં બતાવી વી. પી. ન સ્વીકારવું હોય તેઓએ મહેરબાની કરી હમણાંજ અમોને લખી જણાવવું; જેથી નાહક વી. પી. નો નકામો ખર્ચ સભાને કરવો ન પડે તેમજ પોસ્ટ ખાતાને નકામી મહેનતમાં ઉતરવું પડે નહી તેટલી સૂચના અમારા સુજ્ઞ ગ્રાહકો ધ્યાનમાં લેશે એવી વિનંતિ છે.

આવતા બીજા જેઠ શુદ ૨ ના રોજથી અમારા કદરદાન ગ્રાહકોને સદરહુ ગ્રંથ લવાજમના પૈસાનું પોસ્ટ સાથેનું વી. પી. કરી મોકલવામાં આવશે, જેથી તે પાછું વાળી જ્ઞાન ખાતાને નુકસાન નહિં કરતાં દરેક ગ્રાહકને સ્વીકારી લેવા વિનંતિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ परोपकारः सम्यक् क्रियमाणो धीरतामभिवर्धयति, दीनतामपकर्षति, उदारचित्ततां वित्ते, आत्मम्भरितां मोचयति, चेतोवैमल्यं वितनुते, प्रभुत्वमाविर्भावयति; ततोऽसौ प्रादुर्भूतवीर्योल्लासः प्रणष्टरजोमोहः परोपकारकरणपरः पुरुषो जन्मान्तरेऽप्युत्तरोत्तरक्रमेण चारुतरं सन्मार्गविशेषमासादयति ॥

पुस्तक २० ] वीर संवत् २४४९ वैशाक. आत्म संवत् २७. [ अंक १० मो.

## महावीरजिन स्तवन.

( રચનાર. છગનલાલ નહાનચંદ નાણાવટી વેજલપુર, ભરૂચ. )

પદ-રાગ પ્રભાત.

વિશ્વવંદ્ય વીતરાગ જીનેશ્વર જગન્નાથ જગત્રાતારે,
ત્રિશલા નંદન સુત સિદ્ધારથ વીર વિભુ વિખ્યાતા રે. ૧ વિશ્વવંદ્ય

ભવ ભય ભંજન દુઃખ વિહંડન ક્ષત્રિયકુંડ અવતરિયારે,
શાસન નાયક ભવિજન તારક સુર નરપતિ હરખાવ્યારે. ૨ વિશ્વવંદ્ય

અંતરજામી શિવ સુખ ધામી મૃગપતિ લંછન પાએ રે,
યોગીશ્વર અલબેલા સ્વામી નમીએ નિત્ય પ્રભાતે રે ૩ વિશ્વવંદ્ય

ધર્મ ધુરંધર આતમહિતકર મંગળ નામ ધરાવો રે,
બોંતેર વર્ષનું આયુ ભોગવી મુક્તિપુરીમાં મહાલો રે. ૪ વિશ્વવંદ્ય

ઇંદ્રભૂતિ આદિને ગણધર સ્થાપ્યા સંશય ટાળી રે,
ઉપકારક બુદ્ધિથી આપે તાર્યો અરજુન માળી રે. ૫ વિશ્વવંદ્ય

બાકુળ વહોરી આપે તારી અનાથ ચંદન બાળા રે,
વંછિત પૂરક ચિંતા ચુરક રાજશ્રી રઢીઆળા રે. ૬ વિશ્વવંદ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દષ્ટિ વિષધર ચંડ કોષીઓ બુઝ્યો આપ પસાએ રે,
પારસમણિનો સ્પર્શજ થાતાં લોહ કનક જ્યમ થાએ રે. ૭ વિશ્વવંદ્ય

ધન્ય ત્રિશલા ધન્ય સિદ્ધારથ ધન્ય પ્રભુજી તમને રે,
નાથ નિરંજન કૃપા કરી તારો ભવસાયરથી અમને રે. ૮ વિશ્વવંદ્ય

પતિત પાવન તીર્થ પ્રવર્તક ગુણ તોરા સહુ ગાવે રે,
અજર અમર સુખ લેવા કાજે છગન શીશ નમાવે રે. ૯ વિશ્વવંદ્ય

## સામાયિક, પ્રતિક્રમણ અને દેવવંદનાદિ ધર્મક્રિયામાં કરવો જોઇતો યથાવિધિ આદર.

આત્માને માયિક જંજાળમાંથી મુક્ત કરી, મન વચન કાયાથી પાપ વ્યાપારનો પરિહાર કરીને સમતા રસમાં ઝીલવું તે સામાયિક કહેવાય છે. માન અપમાન તરફ દુર્લક્ષ કરી સ્વજન પરજન કે શત્રુ મિત્ર ઉપર સમભાવ રાખી રહેવો તેને સામાયિક કહે છે. અભ્યાસ રૂપે ઓછામાં ઓછો બે ઘડીનો સમય આત્માર્થી ભાઇ બ્હેનોએ સામાયિકમાં ગાળવો જોઇએ. પછી ધીમે ધીમે તેમાં વધારો કરતાં પૌષધમાં ચાર પહોર કે આઠ પહોર પર્યન્ત સામાયિકનો આદર કરી શકાય છે. જેનું સાધ્ય-લક્ષ્ય શુદ્ધ ને ચોક્કસ હોય તેને તો તેવા અભ્યાસમાં અપૂર્વ આનંદ ને શાન્તિ ઉપજે છે. સંત-સાધુ-મુમુક્ષુ જનોને તો જીંદગીપર્યંત તેનું સેવન કરવાનું હોય છે. દૃઢ અભ્યાસ જોગે મનની સ્થિરતા-શાન્તિ વધતી જાય છે. ખરા આત્માર્થી સંત-સાધુ જનોની સમતા વખણાય છે. સમતાજ ખરેખર સંયમ યા ચારિત્ર ધર્મનું રહસ્ય યા સારરૂપ છે. તેથી તેનો ખપ દરેકે દરેક નાના મોટા શ્રાવકે કરવો ઘટે છે. બની શકે તેમ ચીવટ રાખી પ્રભાતમાંજ તેવો અભ્યાસ શરૂ કરી નીભાવવો, એથી ચિત્તની પ્રસન્નતા વધશે. ઘણાખરા મુગ્ધ જનો તો કેવળ પ્રમાદવશતાથીજ એવા અપૂર્વ લાભથી ચુકે છે અને પછી છેવટે પસ્તાવો કરે છે. તે કરતાં જાગ્યા-સમજ્યા ત્યાંથીજ સાવધાન બનીને આળસ-પ્રમાદને પરહરી તેવો અપૂર્વ લાભ જરૂર હાંસલ કરતા રહેવું જોઇએ. તેમાં જો અપૂર્વ ભાવ જાગે તો તેને ટકાવી રાખવા સાવચેત રહેવું જોઇએ. તેવા અપૂર્વ ભાવ કે ધ્યાનની ધારા તૂટી ન જાય માટે સામાયિકનો સમય બને તેટલો લંબાવવો જોઇએ અને સમતાભાવને ટકાવી રાખવા કે વધારવા માટે અધિક હિતકર આલંબનનું સેવન કરવું જોઇએ. મન વચન અને કાયાથી લાગતા દોષથી બચવા અને તેમાં પવિત્રતા દાખલ કરવા ખૂબ કાળજી રાખવી જોઇએ. મનને સમતારસથી સ્થિર કરી પ્રતિક્રમણ કરવું ઘટે. જાણતાં અજાણતાં થતા કે થયેલા પાપથી યત્નપૂર્વક પાછા ઓસરવું અને ફરી સાવધાન બની પાપ ન કરવું તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિક્રમણ કહેવાય. પ્રતિક્રમણ સૂત્રોનું રહસ્ય સમજવા ખપ કરવો અને લક્ષ પૂર્વક આળસ-પ્રમાદ તજી તેનો લાભ લેવો. તેજ ભાવ-આવશ્યક કહેવાય. આજ કાલ ઘણે સ્થળે અવિધિ દોષ વધારે સેવાય છે અને વિધિનો આદર ઓછો થાય છે તેમાં સુધારો થવાની જરૂર છે. જૈન પાઠશાળાદિક વધ્યા છતાં કરણી કરનારની સંખ્યામાં ભાગ્યેજ વધારો જોવાય છે, કારણકે જ્યાં ત્યાં વ્યવહારૂ શિક્ષણ રસ ઉપજે એવું ઓછું અપાય છે. ગોખણપટી માત્રથી વધારે સારૂં પરિણામ ભાગ્યેજ આવે. વિધિ રસિક સહૃદય શિક્ષકો તેમાં જરૂર સુધારો કરી શકે, દેવવંદન ગુરૂવંદનાદિ પણ ભારે ભાવ ઉલ્લાસથી થવાં જોઇએ. તેનું રહસ્યભૂત ફળ હેતુ સુજ્ઞ જનોએ સમજવા અને બીજા ભાઈ બ્હેનોને શાન્તિથી સમજાવવા ઘટતો પ્રયત્ન કરવો જેથી સ્વ-પરહિતમાં અભિવૃદ્ધિ થવા સાથે શાસન ઉન્નતિ સધાશે. ઇતિશમ્

(સ૦ મુ૦ ક૦ વિ૦)

# ઉદ્દેશ અને કાર્ય-પ્રણાલીમાં મૌલિકતા

( ૧૭ )

વિઠ્ઠલદાસ મૂ. શાહ.

ગયા લેખોની અંદર જીવન-સંગ્રામમાં વિજય પ્રાપ્ત કરવાના અનેક ઉપાયો બતાવવામાં આવ્યા છે. એક લેખની અંદર સ્વાવલંબનની પણ આવશ્યક્તા સિદ્ધ કરવામાં આવી છે. આ લેખમાં અમે એમ બતાવવા ઇચ્છીએ છીએ કે ઉદ્દેશો અને કાર્ય કરવાની પદ્ધતિઓમાં નવીનતા તેમજ મૌલિક્તા વગર સફલતાની સંભાવના ઓછી રહે છે, તથા સ્વાવલમ્બી વૃત્તિ વધારવામાં હમેશાં બાધા ઉપસ્થિત થયા કરે છે. એથી કરીને એ હેતુ સિદ્ધ કરવા માટે અંધ અનુકરણશીલતા તથા નિરંતર અનુકરણશીલતાનો ત્યાગ કરવો જોઇએ. કેવળ અનુકરણ કરવાને બદલે કોઇ નવો માર્ગ શોધી કાઢવો જોઇએ. એમ બને ત્યારે જ સંભવ છે કે આપણે કંઇક વિશેષતા પ્રાપ્ત કરી શકીએ. આપણે વેપાર કરતા હોઇએ, વકીલાત કરતા હોઈએ, મજૂરી કરતા હોઈએ, ગંભીર વક્તા બન્યા હોઈએ અથવા તો ગમે તે કાર્ય કરતા હોઇએ, પરંતુ જ્યાં સુધી આપણી કાર્ય કરવાની પદ્ધતિમાં કાંઇ વિશેષતા, નવીનતા અથવા મૌલિક્તા નહિ આવે ત્યાં સુધી આપણી સાધારણ યોગ્યતા ઉપર લોકોનું ધ્યાન જોઇએ તેવું ખેંચાશે નહિં. જ્યાં સુધી કોઇ વ્યક્તિનું નામ તેનાં કાર્યના સંબંધમાં હજારો મનુષ્યોની જીહ્વા ઉપર નથી નાચતું, ત્યાં સુધી તે કોઇ વિશેષ મહત્વપૂર્ણ કાર્ય કરી શકતો નથી. તે કેવળ વિશેષતા પ્રાપ્ત કરવાથી જ સાધ્ય થઇ શકે છે. આપણી કાર્યશૈલીમાં જરાક વિશેષતા પ્રાપ્ત કરી લેવાથી અનન્ત દ્રવ્યોપાર્જન કરી શકવાનું, ચિરંતન યશ-લાભ કરી શકવાનું અને જગતને સ્થાયી લાભ કરી શકવાનું પણ સંભવિત થઇ શકે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૌલિકતા–કોઈ કાર્યનો આરંભ કર્યા પહેલાં જરાક વિચાર કરી લેવાની ટેવ–જેટલે દરજ્જે પહોંચે છે તેટલે દરજ્જે કોઇ પણ મનુષ્ય સફલતા કેવી રીતે મેળવી શકે છે તેનું એક સારૂં ઉદાહરણ અહિં આપવામાં આવે તો અસ્થાને નહિ ગણાય. એક વખતે વિલાયતમાં પીતળની ઘડીયાળ બનાવનાર એક નામાંકિત ઘડીઆળી હતો. તે ત્યાંની જનતામાં પોતાનું નામ કાયમ રાખવાના હેતુથી પોતાની બનાવેલી ઘડીયાળોમાં હમેશાં કાંઇને કાંઇ પરિવર્તન અવશ્ય કરતો રહેતો અને તેની સૂચના સમાચાર–પત્રોમાં આપ્યા કરતો હતો. તેનામાં એટલી બધી યોગ્યતા નહોતી કે તે કોઇ જાતનો નવો આવિષ્કાર કરી શકે, પરંતુ તે પોતાના જુના સંચાઓમાં કંઈક સુધારો અથવા રૂપ-પરિવર્તન કર્યા વિના રહેતો નહોતો. કોઇ વખત કાંટા બદલી નાંખતો હતો, કોઇ વખત આકારમાં જ ફેરફાર કરી નાંખતો હતો, કોઈ વખત ઘડીયાળના રંગ બદલ્યા કરતો હતો, કોઇ વખત ઘડીયાળોમાં કેવળ સાદાઇથી જ કામ લેતો હતો, કોઈ વખત તેની અંદર એકાદ આકર્ષક ચિત્ર ગોઠવી દેતો હતો, તો કોઇ વાર ઘડીયાળો અવાજ આપતી હતી. એ પ્રમાણે તે વારંવાર ભિન્ન ભિન્ન પ્રકારના ફેરફારો કર્યા કરતો હતો. અને તે સઘળી વાતોના વખતોવખત સમાચાર આપીને તેણે પોતાની સ્હેજસાજ બુદ્ધિવિશેષતાને લઇને હજારો ગ્રાહકો મેળવ્યા અને તે વિલાયતમાં એક પ્રસિદ્ધ ઘડીયાળી કહેવાઇ ગયો. તેણે કોઇ જાતનો નૂતન આવિષ્કાર કર્યો નહોતો તેમજ જુના આવિષ્કારોમાં તે કોઇ જાતનો વિશેષ સુધારો કરી શકયો નહોતો, છતાં પણ સ્હેજસાજ મૌલિકતાને લઇને તે દ્રવ્ય તથા કીર્તિ મેળવવા શક્તિમાન થયો. દિલ દઇને કાર્ય કરવાથી એ પ્રમાણે બનવું સહજ છે.

આપણા વ્યવસાય અને યોગ્યતાની ઉન્નતિ તથા વૃદ્ધિ કરવામાં સંકીર્ણતા અને અંધપરંપરાથી ઘણે ભાગે ઘાતક પરિણામ આવે છે. વર્તમાન સમયની, બલ્કે થોડી ઘણી ભવિષ્યની પણ, આવશ્યકતાઓ અને આદેશો ધ્યાનમાં રાખ્યા વગર કાર્ય સિદ્ધિ કદી પણ થઈ શકતી નથી. આજકાલ વિજ્ઞાન, બુદ્ધિ, ચાતુર્ય અને ભયંકર પ્રતિદ્વન્દ્વતાનો યુગ પ્રવર્તી રહ્યો છે. હવે તે દિવસો નથી રહ્યા કે જયારે મનુષ્ય લાકડીના એક નાના જીર્ણ શીર્ણ કટકાના આધારે સંસાર–સાગરમાં કૂદી પડતો હતો અને દશવીશ માણસનાં સંમિલિત કુટુંબનું પાલન–પોષણ કરી શકતો હતો. બુદ્ધિનો ખર્ચ કર્યા વિના, થોડો વિચાર કર્યા વિના, આસપાસની દુનિયા પાસેથી કાંઇપણ શીખ્યા વિના, અત્યારે કેવળ શારીરિક પરિશ્રમ અને મિતવ્યયી સ્વભાવથી કશું થઇ શકે તેમ નથી. જો તમે વેપારી હો તો પહેલાં એ વાતનો નિર્ણય કરવાની જરૂર નથી ? કે તમને કયા દેવમાં શ્રદ્ધા છે અથવા તમારા જાણવામાં રાજનીતિ સંબંધી કયું પુસ્તક સૌથી ઉત્તમ છે, પરંતુ તમે જે વસ્તુનો વેપાર કરો છો તેના ભાવ વિગેરેની જુદા જુદા દેશોમાં કેવી સ્થિતિ છે તે તમારે અનેક પ્રયત્નો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરીને જાણી લેવું જોઇએ. જે મનુષ્ય કોઇ કાર્યમાં નવીન શોધોની જરાપણ પરવા નથી કરતો અથવા જે પોતાની બુદ્ધિ અને આંખોનો ઉપયોગ નથી કરતો તે આ જગત્‌માં કદી પણ સફલ થઇ શકતો નથી.

અમેરીકાના નિવાસીયો પોતાની મૌલિક્તા અને નૂતન આવિષ્કારપ્રિયતા માટે સમસ્ત સંસારમાં પ્રસિદ્ધ છે. પરંતુ અનુકરણ કરવામાં પણ તેનાથી કોઈ વધી શકે તેમ નથી. પરિણામ એ આવે છે કે નવા વ્યવસાય યાને આવિષ્કારનો દુરૂપયોગ અને પતન જેટલી ત્વરાથી ત્યાં થાય છે તેટલી ત્વરાથી બીજે કયાંય પણ થતું નથી. ત્યાં આગળ સંસારના ન્હાનામાં ન્હાના અને મ્હોટામાં મ્હોટા વ્યાપાર નવીનતા અને મૌલિક્તાના આકર્ષક વસ્ત્રોમાં મઢી દેવામાં આવે છે. બીજા લોકો તેની સફલતા તથા લાભ જુએ છે કે તરત તે વ્યાપારમાં એક બે નહિ, પણ હજારો મનુષ્યો કૂદી પડે છે. ત્યાંના વ્યાપારીઓ મહાન્ વેગથી એકજ તરફ કૂદી પડે છે અને છેવટે સઘળા કોઈને ઠોકર લાગતાં દિવાળીયા બની જાય છે. આજકાલ ભારતવર્ષના અનેક શહેરોમાં આવી જ પરિસ્થિતિ જોવામાં આવે છે. કોઇ મનુષ્યે પોતાની બુદ્ધિથી શોધી કાઢેલા કોઇ એક લાભકારી ઉદ્યોગમાં એવા પ્રકારની ભીડ કરવાથી તેનાથી થનારો લાભ ઘણોજ ઘટી જાય છે અને તેની અધોગતિ થઇ જાય છે.

સાહિત્ય ક્ષેત્રમાં તો મૌલિકતા વગર કામ ચાલવું અત્યંત કઠિન છે. ખ્યાતિ પ્રાપ્ત કરવા માટે અને પોતાના સમયબાદ ભવિષ્યમાં પોતાનું નામ સ્થિર રાખવા માટે એવી વાતો કહેવી અથવા લખવી જોઇએ કે જે ખરેખરી કહેવા અથવા લખવા યોગ્ય હોય અને જે આપણી શૈલી અનુસાર પહેલાં કદિ લખવામાં કે કહેવામાં ન આવી હોય. અક્ષરશઃ નક્કલ કરવાથી કશો લાભ થતો નથી. એની ટેવ પડી જવાથી મૌલિકતા નષ્ટ પામે છે. ઘણું કરીને આપણે જોઇએ છીએ કે કોઈ સિદ્ધ હસ્ત ગ્રંથકારનો એકાદ ઉદાત્ત વિચાર-પૂર્ણ ગ્રંથ પ્રકાશિત થાય છે કે તરતજ તેના નાના મોટા નકલી સ્વરૂપ ભિન્નભિન્ન આકારમાં પ્રકાશિત થવા લાગે છે. પરંતુ તે સઘળા પેલા મૂળ ગ્રંથના તેજ પાસે નિસ્તેજ પડી જાય છે. ખરૂં છે કે મૂળ ધ્વનિનો પ્રતિધ્વનિ ધીમો રહ્યા કરે છે, અથવા અનુકરણ કર્તા અનુયાયી આગળ પાછળ ચાલે છે જ. લેખકોએ આ પ્રકારની નિંદનીય અનુકરણશીલતા અને મૂર્ખતાનો તિરસ્કાર કરવો જોઇએ.

“ આ તો કેવળ નક્કલ છે ” એટલુંજ કહેવાથી કોઇ નવલિખિત અથવા પ્રકાશિત ગ્રંથનું અપમાન થાય છે. એટલા માટે કોઈ ઉછીની અથવા ચોરીની વસ્તુમાં પોતાની જાતને ગૌરવાન્વિત માનવા કરતાં પોતાના ન્હાનાં સ્વતંત્ર કાર્યને આ “ મારૂં છે, કોઈ બીજાનું નથી ” કહેવામાં અધિક શોભા રહેલ છે. જો તમે સંસારના હિત અર્થે કાંઇપણ લખવા ઇચ્છતા હો તો નક્કલબાજીનો આશરો ન લેતાં સંસારને એ બતાવો કે અમુક વિષય પરત્વે તમારા આત્માનું કયા વિષય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તરફ વલણ છે ? જો તમારા આત્મા અને મનોદેવતાના વિચારો ઉપયોગી, સત્ય-પૂર્ણ અને વિશાળ હશે તો સંસાર તમને તેના હૃદયમાં સ્થાન અવશ્ય આપશેજ. જો તે વિચારો હાનિકારક, અસત્યપૂર્ણ અને સંકીર્ણ હોય તો પણ કશી હરકત નથી. કેવળ એટલુંજ થશે કે તમે એક સાહસિક રીતે, પરંતુ સત્યતાપૂર્વક પ્રારંભ કરેલા પવિત્ર કાર્યમાં નિષ્ફળ થશો. અને એનાથી લાભ એ થશે કે તમારા દેશમાં એક અસત્ય, કપટી અને નકલબાજ લેખક અથવા ગ્રંથકારને બદલે એક નવો અને સાચો દુકાનદાર, નોકર, અથવા ચિત્રકાર બહાર પડશે. એટલા માટે હમેશાં તમારા પોતાના વિચારો જ પ્રકાશિત કરો.

સ્મરણમાં રાખો કે અમે અહિં આગળ અસંભવિત મૌલિકતાનું પ્રતિપાદન કરતા નથી. ઉત્તમમાં ઉત્તમ અને મૂળ લેખકને પણ, મધમાખીની માફક, કઇક સ્થળેથી સામગ્રી એકત્રિત કરવી પડે છે. પરંતુ એ સર્વ ઉપર જેમ મધમાખી કરે તેમ આપણી છાપ પણ પાડવી જોઇએ. મધમાખી અનેક પ્રકારનાં પુષ્પોમાંથી રસ એકત્રિત કરે છે, પરંતુ મધુરસમાં કોઇ ખાસ પુષ્પની ગન્ધ આવવા દેતી નથી. લેખકો, ગ્રંથકારો અને કવિયોએ પણ એમજ કરવું જોઇએ. ગોસ્વામી તુલસીદાસજી પોતાનાં સ્વાભાવિક તુલસીદાસત્વથીજ સંસારને દેદીપ્યમાન અને મુગ્ધ કરી શકયા છે, પરંતુ તેને લઇને મહર્ષિ વાલ્મીકિ, વેદવ્યાસ, કાળીદાસ અથવા સુરદાસની વિશેષતાઓ, ગુણો તેમજ પ્રતિભામાં જરાપણ ન્યૂનતા અથવા ફીકાશ નથી આવતી. પ્રત્યેક મનુષ્યને માટે જરૂરનું છે કે તેણે પોતાના વિચારો પોતાનાજ શબ્દોમાં પોતાની પ્રણાલીથીજ વ્યક્ત કરવા જોઇએ. શોધખોળ કરનારા ઇતિહાસ શોધકોના જાણવામાં એવા સેંકડો ગ્રંથકારો, લેખકો અને કવિ–ખદ્યોતો આવી શકે છે કે જેઓ નકલી અનુકરણશીલતાને લઇનેજ આજ વિસ્મૃતિના અનંત ગર્ભમાં હમેશને માટે ડુબી ગયા છે અને કોઇને તેઓનું નામ પણ યાદ નથી.

ઉપરનાં વિવેચનથી એટલુંજ સિદ્ધ થાય છે કે આપણે આપણી મૌલિકતા, કાર્ય–પ્રણાલી અને સ્વતંત્ર વિચાર–શૈલી બનાવવી જોઇએ. કેવળ એમ કરવાથી જ આપણી ખ્યાતિ વધશે અને સ્થિર પણ રહી શકશે. જો આપણે આપણા પ્રત્યે સત્ય આચરણ ન રાખીયે અને આપણી પોતાની ઘૃણા કરીએ તો પછી અન્ય લોકો આપણો આદર કરશે એવી આશા તજી દેવી જોઇએ. પહેલાં આપણે આપણા પ્રત્યે જ સાચા બનવું જોઇએ, પછી સંસાર આપણી સાથે સત્યતાપૂર્ણ વ્યવહાર કરશેજ. આપણી વ્યક્તિગત વિશેષતાજ આપણને સંસારમાં આદરપાત્ર બનાવી શકે છે. આપણે પાઘડી પહેરતા હોઇએ અને એમાં આપણો સ્વાભાવિક પ્રેમ હોય તો પછી બીજાને જોઇને આપણે પાઘડીને બદલે ટોપી પહેરવાની લેશપણ જરૂર નથી. આપણી વિશેષતા, વિભિન્નતા, અને સ્વતંત્રતા તે પાઘડીથીજ સારી રીતે સિદ્ધ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરોક્ત સઘળી વાતોથી એટલુંજ સિદ્ધ થાય છે કે સફલતા કેવળ અનુકરણ શીલતામાં રહેલી નથી. મૌલિકતા વગર કશું પણ થઇ શકશે નહિ. જે કાંઇ કાર્ય, વ્યવસાય અથવા સાંસારિક વ્યાપાર કરવામાં આવે તેમાં જ્યાંસુધી તેનાં કરનારનું પ્રતિબિંબ ન હોય ત્યાંસુધી એમજ સમજવું જોઇએ કે તે અમુક અંશે માયામય, અસત્યપૂર્ણ અને વંચકતાથી ભરેલું છે. એટલા માટે મૌલિકતા–વ્યક્તિગત વિશેષતાની સાચેસાચી છાપ સમસ્ત જીવનનાં પ્રત્યેક કાર્યમાં પડેલી હોવી જોઇએ.

# વિચારકો માટે—

જે સમયે જે પ્રવૃત્તિનું બાહુલ્ય હોય, તે સમયે તેનું અનુકરણ કરવા સર્વે તલસે–લલચાય છે. અનુગામી વર્ગ અનુકરણીય કાર્યમાં, બાહ્ય દમામને સુબદ્ધ ગોઠવી પોતાના કાર્યની ઉચ્ચતમ કિંમત આંકે છે. પરંતુ આ સાફલ્યતા કયાં સુધી? તેને વિચાર ભાગ્યેજ દીર્ઘદૃષ્ટિથી કરે છે. અનુકૃત્ય કાર્યના આવેશથી વશીભૂત થઇ, તેના બાહ્ય અવયવોને સુશોભિત કરી શકાય છે; પરંતુ આંતરિક હૃદયને તેવું જ ઉજ્જવલ–નિર્મળ સ્ફટિક સમાન તો કોઇ વિરલ પુરૂષો જ કરી શકે છે. વળી વિશ્વમાં એ પણ જોવામાં આવે છે કે, મૂળ વસ્તુના ઉત્પાદકો કેટલોય માર્ગ કૂચ કરી ગયા હોય છે, ત્યારે અન્ય જન–સમૂહ તેઓનું અનુકરણ કરવા લલચાય છે. જો કે ઉત્તમ–અનુકરણ તે તો શુભ જ છે, પરંતુ અનુગામીએ ઉતાવળા થયા વગર, મૂળ ઉત્પાદકોની માફક પોતાનો મૂળ પાયો દઢીભૂત કરી આગળ વધે, તો તો થોડા સમયમાં ઇચ્છિત મનોરથો સિદ્ધ કરી શકે છે. આથી ઉલટું, જો મૂળ મજબૂત કર્યા વગર, આવશ્યક યોગ્યતા પ્રાપ્ત કર્યા વગર, વિદ્યુત્ વેગે મૂળ ઉત્પાદકોને પહોંચી વળવા ઇચ્છવું, એતો પોતાની હાર જ સૂચવે છે, અર્થાત તેનું સ્થાયિત્વ પણ વિદ્યૂતના જેટલું જ હોય છે. આ કહેવું કેટલે અંશે સત્ય છે, તે દેશના –સમાજના વાતાવરણનો બારીક દૃષ્ટિથી અભ્યાસ–મનન કરવામાં આવે તો જ સમજાય. એવાં ઘણાંયે દૃષ્ટાંતો જડી આવે છે કે ટુંકી દૃષ્ટિવાળા, આવેશવાળા સેંકડો અનુકરણકરનારા પ્રારંભેલ કાર્યથી હાર ખાઇ, નિરાશ બની પાછા ફર્યા છે. આપણે દૂર ન જતાં આપણા જ સમાજના દૃષ્ટાંતોથી વિચારીયે. શ્વેતાંબર કોન્ફરન્સ, જૈન પોલિટીકલ કોન્ફરન્સ, સ્થાનકવાસી કોન્ફરન્સ, કેટલીયે સંસ્થાઓ, કેટલીયે બોર્ડીંગો, કેટલાંયે માસિકો, વર્ત્તમાનપત્રો અને બીજી કૈં કૈં અન્ય પ્રવૃત્તિઓ આવેશમાં આવી અનુકરણ રૂપે શરૂ કરી શકયા, પરંતુ તે આવેશ અંતરનો–ચેતનભૂત ન હોવાથી, તે શાંત પડતાં મડદાની માફક સર્વે પ્રવૃત્તિઓ નિર્જીવ થઇ પડી.

વર્ત્તમાન જમાનો નૂતન ચેતનાના પ્રવાહમાં તણાયો છે. તે ઉન્નતગામી પ્ર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાહમાં ક્રીડા કરવાનું સૌને આનંદપ્રદ થઇ પડયું છે. પરંતુ પ્રવાહના ઉપભોગીએ કેટલી યોગ્યતા સંપાદન કરવી જોઇએ, તે ક્રીડાકાર આવેશથી ભૂલી જતો જણાય છે. પ્રવાહના ઉપભોગનું મૂળ કયાંથી શરૂ થાય છે, તેનું વિસ્મરણ થતું હોય એમ જણાય છે. એટલે એવા ભયથી સૂચન થાય છે કે, વેગાવેશથી આરંભેલ પ્રવૃત્તિઓ આવેશ મંદ પડતાં વેગ બૂઠો બની જશે. પછી મંદતાનું આવરણ એટલું પ્રસરશે કે, પુન: ચેતનતા પ્રાપ્ત કરવામાં લાંબા સમયનો ભોગ આપવો પડશે. વાચક મહાશય ! આ ઉપરથી એમ ન સમજજો કે, પ્રવૃત્તિ–નૂતનમાર્ગને હું પસંદ નથી કરતો, પરંતુ કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે સેવાભિલાષી કાર્યકર્ત્તાઓ પવનવેગી ઇચ્છાઓના વેગમાં ન તણાતાં તેમને નિયમિત રીતે લંબાવે, નૂતન પ્રગતિના વૃક્ષને સુફળવાન બનાવવાને, તેના મૂળને કયા જળસિંચનથી દૃઢ કરી શકાશે એ પ્રથમ વિચારવું જોઇએ. કારણ કે પરિપુષ્ટ મૂળ વિનાનાં વૃક્ષો ચિરંજીવ થઇ શકતાં નથી, એટલે ટુંક સમયમાં શુષ્ક બની અવસાન પામે છે. તેમ તેના અવસાન સાથે અનેક માણસો નિરાશાના સાગરમાં ડુબી શકય સેવાથી દૂર થાય છે. આથી પ્રવૃત્તિશીલ ભાવિકોને એમ અભ્યર્થના કરી શકું કે સેવાભાવથી પરિષદો ભરવાની આવશ્યકતા માટે જે જે અભિલાષાઓ પ્રગટ કરાય છે, તે તે અભિલાષાઓને દ્રઢીભૂત કરવા માટે આપણને તુરતમાં અને આવશ્યકીય પરિષદની જરૂર હોય તો તે ' કેળવણી ' પરિષદ્‌ની છે. કારણ પ્રગતિવર્ધક સમાજ જેટલો શિક્ષિત હશે, તો તેનું કાર્ય પણ તેટલુંજ સંગીન અને ઉચ્ચ શિખરે પહોંચવાને ત્વરિત ગતિવાળું હશે. વળી જૈન સમાજ અત્યાર સુધીમાં હજારો નહીં બલ્કે લાખો રૂપિયા ખર્ચી ચૂકયો છે–ખરચે જાય છે, છતાં તેને માટે ઇચ્છિત ફલના ઉજ્વળ ભાવિનું દર્શન દુર્લભ થતું જાય છે; તેનું કારણ શું ? અનેક સમાજો, જ્ઞાતિઓ પોતપોતાના શિક્ષણ વિષયને યોગ્ય રીતે વ્યવસ્થિત કરી કંઇક સુફળ મેળવી શકેલ છે. જેનું ઉજ્વળ દૃષ્ટાંત આર્યસમાજ, પારસીઓ, બ્રહ્મક્ષત્રિયો વિગેરે ગણી શકાય; પરંતુ પ્રથમ કથનાનુસાર વર્તમાન જમાનાનો રંગ બદલાયો છે, એટલે કેળવણી માટે પણ અનેક પ્રશ્નો ઉભા થયા છે, જેનો નિવેડો હજુ શિક્ષિત સમાજ પણ લાવી શકેલ નથી. એટલે આપણા માટે તો કેળવણી વિષયમાં સૌથી વિશેષ વિચારવાનું છે.

ટુંકામાં ભાવનગરમાં મળનાર સાહિત્ય પરિષદ્‌ સમયે જૈનોએ પણ એક પરિષદ્‌ ભરવી એમ ઘણાઓનું માનવું છે. આ પરિષદ્‌ ભરવી એ વિચારને પ્રતિકૂળ કોણ કરી શકે ? પરંતુ તે પરિષદ્‌માં " કેળવણી વિષયને " પ્રધાન સ્થાન અપાય તો સારૂં એમ હું ઇચ્છું છું. કારણ કે તે સાનુકૂળ સમયે વિદ્વાન્ જૈનેતરોની સહાયથી આપણા શિક્ષણ–વિષયની રીતિ સારી રીતે આંકી શકીશું અને નિષ્ફળ જતા કરોડો રૂપિયાને ફળવાન્ કરી શકીશું. વળી હમણાં હમણાં કેટલેક સ્થળે નવીન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંસ્થાઓ પ્રતિષ્ઠિત થયેલ છે. આ નવીન તેમજ અગાઉની કેટલીક સંસ્થાઓ સમયનો વિચાર કર્યા સિવાય, શિક્ષણશાસ્ત્રનો અભ્યાસ કર્યા સિવાય, જ્યાં ત્યાં ગાડું ગબડાવે જાય છે. મા બાપની ફરજ, બાળકની યોગ્યતા, કયા શિક્ષણની અગત્યતા વિગેરે અનેક પ્રશ્નોનો અભ્યાસ કર્યા સિવાય પ્રારંભેલ પ્રવૃત્તિમાં પૈસાનો વ્યય પરિણામ કરતાં વિશેષ આવે છે. શિક્ષણની બાબતમાં મહાન્ વિચારકો પણ વિશેષ વિચાર કર્યા કરે છે, કે જે વિચારો, જે પ્રશ્નો આપણી કલ્પનામાં પણ ન આવી શકે. આપણને કેવા શિક્ષણની જરૂર છે? તે સંબંધી એક બંગાળી વિદ્વાને હમણાં પોતાના વિચારો પ્રગટ કર્યા છે. તે આપણને તો શું, પણ આખા વિશ્વને વિચારણીય છે જે હું નીચે આપું છું. લેખક મહાશય જૈનેતર હોવાથી તેમણે કેટલેક ઠેકાણે પોતાના સમાજના સંતોનું મહત્ત્વ ગાયું છે, જે વાંચીને આપણે વિમુખ નહીં બનતાં, અનુમોદન કરશું. જેને તે વિશેષ પડતા લાગે તે ક્ષન્તવ્ય ગણશે. કારણ કે તે વિચારોને બાદ કરતાં લેખ નિરસ થઇ જતો હતો, તેમ લેખકને પણ અન્યાય થતો હતો.

શિક્ષા–કેળવણી એ સ્વર્ગીય સામગ્રી યા માનવીની સંજીવન શકિત છે. તેના પ્રભાવથી શરીર અને મન બન્ને સજીવતા અને ઉત્કર્ષને પ્રાપ્ત કરે છે. આ વાર્તા પુસ્તકોના આલિંગનથી, વિશ્વવિદ્યાલયમાં ભૂષિત થવાથી સમજી શકાય નહીં. શિક્ષાનો પૂર્ણ વિકાસ આત્મોન્નતિ અને પરોન્નતિથી સમજી શકાય. જે શિક્ષિત, તે પ્રેમી, ભાવિક અને વિશ્વબંધુ હોવો જોઈએ. માનવ-સમાજની વર્તમાન અવસ્થાનું પર્યવેક્ષણ કરતાં સ્પષ્ટ સમજાય છે કે, આપણી શિક્ષા–" તરલતામયી, સ્વાર્થમયી, અર્થકરી અને અર્જન–સ્પૃહાએજ પૃથ્વીને પ્લાવિત કરી દીધેલ છે. આપણે લાલચુ બની, સત્યનો અપલાપ કરી, ન્યાયને ગુંગળાવી, બુદ્ધિને વિડંબિત કરી, પોતપોતાની આપદાવસ્થામાં પરિણત થઈ માનવવાસને નરકાવાસની સૃષ્ટિ રચીએ છીએ. સૃષ્ટિ–રાજ્યના અધીશ્વર બની, આપણે પદ, માન અને ધનાકાંક્ષાના દાસત્વની દુર્મોચ્ય શૃંખલામાં આબદ્ધ થવા આકર્ષાયા છીએ; આ આપણા આત્મ-વિકાસનું પરિણામ–ફળ. આપણે ધનરાશિ સંગ્રહ કરીએ, મોટા મોટા મહેલો બનાવીએ, ચકચકિત વસ્ત્રો પહેરીયે, અને સારા ઠાઠમાઠથી ઘરને સુસજ્જિત કરીએ, એજ શું શિક્ષાનું ફળ કહેવાય? માણસ જે શિક્ષાના પ્રબળ સ્રોતમાં તણાઇ આત્મભાન ભૂલે, સદસત્ જાણવાને અવસર ન પામે, તે શું 'શિક્ષા' ના નામને યોગ્ય છે? સુશિક્ષા માનવ પરિવારમાં સદ્ભાવનો પ્રચાર કરશે, દ્વેષ, હિંસા, ઘૃણા વિગેરેનો પરિહાર કરશે, એકતાના ઉપાસક બનાવશે, આત્માદર દૂર કરી અનુન્નત અને વિશૃંખલ સમાજને ઉન્નતિ અને શૃંખલા–ઐક્યને એનાયત કરશે. " શિક્ષાજ ચિત્તશુદ્ધિનું મૂલ છે." તેના પ્રભાવેજ કર્ત્તવ્યબુદ્ધિનો આવિર્ભાવ થાય છે. જે જગતની અત્યંત હિતકર અને અપરિસીમ સુખની ઉત્પાદક છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા અમારામાં આ સંબંધ છે, તમારા કલેશ અમારો કલેશ અનિવાર્ય છે, જગત્‌ના ભિન્ન ભિન્ન પદાર્થોની સાથે આપણો કેવા રૂપમાં સંબંધ છે, તે તેનાથી–શિક્ષાથી સ્પષ્ટ જાણી શકાય છે. " **મનુષ્યનું જ્ઞાન સામાન્ય અને સીમાબદ્ધ નથી.** ક્ષુદ્ર હોવા છતાં **મનુષ્યની** શક્તિ વિપુલ છે. કોણ કહેશે કે આજ જે સુમેરૂની તુલનામાં સરસવ જેવી જણાતી, આવતી કાલે તેજ સ્વીયાવલંબી બની અતુલ્ય નહીં થાય ? શુભ સ્રોતસ્વિની–નદીનો વેગ અતિ ધીર હોય છે. શુભફળ–પ્રસવિની શિક્ષાનો વિસ્તાર અને ગતિ પણ ધીરી હોય છે. પોતાની ઉન્નતિના સ્થાનમાં અન્યની ઉન્નતિ કયાં છે? પોતાનો સ્વાર્થ સાધવા આપણે કેટલી વાગ્જાળ પાથરીયે છીએ, વાકયનો ફુવારો બહુ મધુર–વર્ણે વર્ણે મધુર કેવો છોડી મૂકીએ છીએ, પરંતુ વિચારપરાયણ બની નિહાળીએ તો જણાશે કે, તે માંગલ્ય શંખના સ્વરમાં સંસારનું કેટલું અમંગળ દૂર થાય છે ? કેટલાં ગૃહો ઉજ્જવળ છે ? અનેક લોકોનાં મનમાં એવી ધારણા છે કે અમેરિકા અને યૂરોપવાસી સુખી અને સૌભાગ્યશાળી છે, તેમ ત્યાં શિક્ષા પણ સફળ થયેલ છે. વળી તેઓ ઉન્નતિ–માર્ગે અગ્રેસર થયેલ છે; આ શું સત્ય છે ? આ શિક્ષા દ્વારા શું માનવજાતિની અશેષ ઉન્નતિ સાધી શકાશે ? શિક્ષાનો આ જ શું અંતિમ ઉદ્દેશ છે ? શું આ સુબુદ્ધિ અને સુચિન્તાની પરિપોષક છે ? શું ક્ષુદ્ર સ્વાર્થના આહ્‌વાહન અને ધર્મની ગ્લાનિ દ્વારા વિશ્વનું મંગળ થશે. તમોયે તો ઈન્દ્રધનુ જોયું છે, તે સૌંદર્ય–સંભારથી ભૂષિત, તે અનિર્વચનીય શોભા નિહાળી વિમુગ્ધ થયા છો. એ ઐન્દ્રજાળિક વર્ણ–રાગ, નિસર્ગ સુંદરીની સંપદશાળી શોભા નિહાળી તમારાં નયનો નૃત્યમાં નાચે છે, હૃદયમાં સ્પન્દન આણેલ છે, ચક્ષુને સાર્થક કરેલ છે, પણ તેથી શું ? વર્તમાન સભ્ય જગતની શિક્ષાનું ફળ પણ આવું ક્ષણસ્થાયી ? વિવિધ પોષાકમાંજ પર્યવસાન ? વિવિધ વિશિષ્ટ ઉપાધિની ઉદ્રેકતા, શું આ વિચિત્ર દ્રશ્ય ? ખરેખર જગત પાગલ બનતું જાય છે. જે દિવસે પૃથિવીવ્યાપી એક સામ્રાજ્યનો સૂત્રપાત થશે, એક ધર્મ, એક ભાષા, એક આચાર–વ્યવહાર, એક સ્વાર્થ, એક જાતીય ભાવ પરિપુષ્ટ થઈ માનવ–સમાજ એક મહાજાતિ બની પ્રસિદ્ધિ પ્રાપ્ત કરશે, તેજ દિવસે સમજી શકાશે કે, પ્રાકૃત શિક્ષાનો અભ્યુદય થયો છે, જ્ઞાનાર્જન સાર્થક થયેલ છે, જે શિક્ષામાં લઘુ–ગુરૂનો ભેદ નથી, સ્વ–પરનો ભેદ નથી, શ્વેત-કૃષ્ણનો ભેદ નથી, પણ બધાયે અપૃથક્‌–એકાકાર છે. ખરેખર આ અસંભવનીય નથી.

માનવ–મનની ઉન્નતિનું વ્હેણ નાના–વિવિધ કારણોમાં રોકાઇ, જન સમાજમાં આપણે સદાયે શું નિરવચ્છિન્ન માનવ પ્રકૃતિનું દર્શન કરી શકીએ છીએ, ભિન્ન ભિન્ન પ્રકારના શાસન અને નિયમમાં મનુષ્ય–પ્રકૃતિ શું ઉત્તેજિત નથી થતી ? શું ભિન્નભાવ ધારણ કરતી નથી ? સંકીર્ણ, અનુદાર, શક્તિહીન, ક્ષણસ્થાયી, બદ્ધ, સાંપ્રદાયિક શિક્ષાથી આવિર્ભાવ પામતું ફળ, જગતની સંપત્તિ વધારી શકશે નહી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંગીતમાં એક વિવાદી સૂર જ્યારે રાગનું રૂપ નષ્ટ કરે છે, તેમ આ સંકીર્ણતા સંજીવની શિક્ષાને ગરલ–વિષમય કરતી લાગે છે. અનુદાર શિક્ષા અશ્રાન્ત ભાવમાં ઉન્નતિ–માર્ગમાં અગ્રેસર થઇ શકતી નથી. તેનાથી હિતવાદ અને સુખવાદ પોષણ પામતા નથી. પ્રાકૃત શિક્ષાના મૂળમાં સમત્વવાદ રહેવો જોઇએ. પૃથિવીમાં સામ્ય જોવામાં આવતું નથી, દેવધર્મી માનવ, વૈષમ્યમાં પણ સામ્યની સ્ફુર્તિ પ્રકટ કરવાને સમર્થ છે. નિર્મલ પ્રેમ અને સમદર્શિતા જોઇએ. સામ્યમંત્રના સાધકથી સામ્યતત્ત્વનો પ્રચાર થવો જોઇએ. એક સમયે આધ્યાત્મિક રાજ્યનો મહારથી ગૌતમ બોલેલ છે કે “ જેઓની રક્ષા કરવામાં આપણું સામર્થ્ય છે, તેમાંના એક માણસનું પણ હું અશ્રુ વિસર્જન કરી શકયો નહીં ” મહાત્મા તુલસીદાસ પણ બોલી ગયા છે કે—

તુલસી જબ જગમેં આયો, જગ હસે તુમ રોય,
ઐસી કરની કર ચલો, જો તુમ હસો જગ રોય.

માનવ જન્મની સાર્થકતા સંપાદન કરવામાં આ શિક્ષા સર્વતોભાવમાં પરિણત થવી જોઇએ. કેવળ “ કલ્પના વિસ્ફુરિત કાવ્ય–પાઠની શિક્ષાથી તેમ થઇ શકશે નહીં. વસિષ્ઠ પણ કહે છે કે–કર્દમ–કાદવમાં દેડકો થઇને રહેવું સારૂં, મળકીટ થઇને રહેવામાં આવે તે પણ સારૂં, અંધકારાચ્છન્ન ગુહામાં સર્પ થઇને વસવું સારૂં, પરંતુ વિચારહીન માનવ થઇને જીવવું કોઇ પણ રીતે સારૂં નથી.” સકળ અનર્થની આવાસભૂમિ, સકળ સાધુજનોથી તિરસ્કૃત, સર્વ પ્રકારના દુઃખના આધિ–સ્વરૂપનો ત્યાગ કરવો જોઇએ. પ્રસ્તુત શિક્ષા ઉર્ધ્વગામી પ્રીતિદાયક, ભગ્નદેહે નવજીવન સંચારકર્તા મનુષ્યત્વના બીજની વપનતા, માનવ–જીવન સાર્થક કરનારી, હોવી જોઇએ. પ્રચલિત શિક્ષા તો અસ્વાભાવિક, પ્રાણહીન પાષાણવત્ છે. ઉન્નત ભાવોને તે ઉત્તેજિત કે પરિપુષ્ટ કરી શકતી નથી. આ શિક્ષાના સાહાય્યથી આપણે ભૂ–યાન, અર્ણવ–યાન, વ્યોમ–યાન નિર્માણ કરવાને શક્તિમાન થઇ શકીએ, ભૂભાગને લોહ–શૃંખલામાં આબદ્ધ કરી શકીએ, વિશ્વવિશ્રુત પનામાની નેહર ખોદાણ કરી અહંકારની વિજયકેતન ઉડાડી શકીએ છીએ. આફ્રિકાની દિગંતવ્યાપી ભૂમધ્ય સાગરના વારિરાશિ દ્વારા પોત-–પ્લાવન–-સુખનું મહાવારિધિમાં ફેરવી, જયોલ્લાસમાં આનંદ પામી, સાગરંબરા, પર્વતમયી પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકીએ છીએ.

પરંતુ ખરી પડેલી એક પુષ્પ–કળીને આપણે જોડી શકતા નથી. એક ભગ્ન હૃદયને આશ્વાસન આપવાથી શાંતિનું આગમન શું શકય છે ? ત્રિતાપથી આચ્છાદિત જગતને એક પણ તાપથી છોડાવવું શું શકય છે ? હા. સંપૂર્ણ અસંભવનીય નહીં. જેમ કેટલાયે વારિબિન્દુથી મહાસિન્ધુથી, કેટલાયે વાળુકાકણાનો ગગન સ્પર્શી હિમાચલ બનેલ છે તે પ્રમાણે આ વિરાટ સમાજ પણ કેટલાક મનુષ્યની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમષ્ટિ માત્ર છે. ઐકયતા વિસ્તાર માટે સમદર્શિતાની જરૂર છે. સકળ વ્યક્તિઓને ભલમનસાઈ કેળવવી જરૂરની છે. તે સમદર્શિતા, તે ભલમનસાઇ કયાં છે ? જે છે તે પ્રાણીહીન, સ્વાર્થથી ભ્રષ્ટ થયેલ, મારા-મારી, કાપા-કાપીમાં અવસાન પામે છે. " **માનવીની શક્તિ કેટલી** " તે કેટલા માણુસોએ કેટલું વિચાર્યું છે ? પરંતુ અધ્યવસાયનાં બળથી અજ્ઞાનનું આવરણ થોડે થોડે અપસૃત થતું જાય છે. સમય આવે તેનું સર્વાંશે ઉન્મોચન થશે, તેનો કોણ અસ્વીકાર કરશે ? જો એક મન, એક પ્રાણ, એક સંકલ્પ લઇ અગ્રેસર થવામાં આવે, તો વિશ્વ-પ્રહેલિકા તુરત દૂર થાય. આ સંસાર નૂતન લક્ષ્મી ધારણ કરે. આ કેવળ પ્રલાપ નથી, પણ તેના માટે તો શિક્ષા જોઇએ, ધૈર્ય જોઇએ, સાહસ જોઇએ, અપરિમિત સહાનુભૂતિ સિવાય જગમાં અપરિસીમ ઉન્નતિનો અસંભવ છે. પરંતુ જેટલા દિવસ આપણું ચિત્ત દુર્બળ રહેશે, વાકય અને વચન અસંયતી હશે, હતાશમાં પ્રલોભન પ્રાપ્ત થતાં સંકલ્પ-ચ્યુત પામતા હશું, સ્વાર્થરૂપ બંધનમાં બંધાયેલા રહીશું ત્યાં સુધી વિશ્વ -શાંતિની આશા નિરર્થક સમજવી, એક સમયે માનવ-સમાજને આ આદર્શને સમીપવર્ત્તિ કરવાથીજ, આ ઉદ્દેશ્ય બળવાન બની શકે. ખરેખર સર્વેમાં વિશુદ્ધ શિક્ષાની ખામી છે.

ઉપરના વિચારોને જો નિર્મળ હૃદયથી વિચારવામાં આવશે તો સેવાભિલાષીઓ કંઇ સાત્વિક સેવા બજાવી શકશે.

છોટાલાલ મગનલાલ શાહ,
મુ૦ ઝુલાસણ.

# ભક્તિ રસ.

કરોગે મેરા તુમહી નીસ્તારા (૨).

લક્ષ ચોરાશી જીવયોનીમે-ભટકફીરા ભવસારા— કરોગે મેરા
નાયક તીન ભુવનકે સારે-ભવભવસિંધુ-સહારા— કરોગે મેરા
જ્ઞાન ધ્યાન રૂપ શરણુ નાવસેં-ઉતરેગા ભવપારા— કરોગે મેરા
અમરદાસ પદપાસકો ચાહે-જનમ મરણ ભય ટારા—કરોગે મેરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વાર્થમય જગત.

સબ સ્વારથમેં પૂરે–જગત સબ (૨).
ઉસમેં કોઈ ન અધૂરે.... .... જગત સબ.
સ્વારથ મંત્ર બન્યો હે જગકો–પરમારથસેં દૂરે. જગત સબ.
પરદીલ દુઃખભંજન ના દીસે, જાગી જુઓ એ શૂરે. જગત સબ.
રામરામ સરખા કયાં રાજા, કયાં હિતસ્વી હજૂરે. જગત સબ.
હાય ભારત શી ? ત્હારી દશા આ, સંતાનો દુઃખ ઝૂરે. જગત સબ.
દુ:ખી દીલડાં અંતરથી ન ચાંપે, અનુકંપા ભરપૂરે. જગત સબ.
વાવાઝોડે વ્હાણુ ચઢયું આ, પાર ઉતારો પ્રભુરે. જગત સબ.

રા. રા. અમૃતલાલ માવજી, મુ૦ કલકતા.

# શુભ પ્રવૃત્તિ કોને કહેવી ?

જેમણે માનવ જીવનને મહિમાવાળું અને ઉત્કૃષ્ટ બનાવવું હોય તેમણે સદા શુભ પ્રવૃત્તિ કરવી જોઇએ. તે શુભ પ્રવૃત્તિનું ખરૂં સ્વરૂપ શું છે ? તે પ્રથમ જાણવું જોઇએ. શુભ પ્રવૃત્તિમાં પણ ઘણાં મતભેદ રહેલા છે. જેને બીજાઓ શુભ પ્રવૃત્તિ માનતા નથી, તેને ત્રીજાઓ શુભ પ્રવૃત્તિ માને છે. તથાપિ પ્રાચીન વિદ્વાનોએ શુભ પ્રવૃત્તિનું સ્વરૂપ જે સિદ્ધ કરેલું છે, તે સર્વમાન્ય થઇ શકે છે. શુભ પ્રવૃત્તિનો જન્મ શુભ ભાવનામાંથી થાય છે. જેની પ્રાપ્તિમાં મનુષ્ય પોતાના મનુષ્ય–જીવનની સફલતા તથા સર્વ કૃતિની કૃતાર્થતા સમજતો હોય અને જેની અપ્રાપ્તિ થતાં હૃદયમાં અસંતુષ્ટ રહેતો હોય તે તેના જીવનની શુભ ભાવના કહેવાય છે. તે ભાવના ઈષણા, મહેચ્છા અને ઉદ્દેશ એવા જુદાં જુદાં નામથી પણ ઓળખાય છે. શુભ ભાવના વગરનું જીવિત પશુજીવિત છે. માનવ જીવનની મહત્તાનો પાયો શુભ ભાવનામાં રહેલો છે. શુભ ભાવના વિના સત્કાર્યની સિદ્ધિ થતી નથી. જેમણે શુભ ભાવના પ્રગટાવી છે, તેમણેજ લોકોત્તર ઉદારતા મેળવી છે. સામાન્ય મનુષ્યને ધર્મવીર, શૂરવીર અને દાનવીર બનાવનાર શ્રેષ્ટ ભાવનાજ છે, એટલુંજ નહીં પણ મનુષ્યને દેવ બનાવનાર પણ એ મહાશક્તિ છે. એવી શુભ ભાવનામાંથીજ શુભ પ્રવૃત્તિ ઉદ્દભવે છે. શુભ પ્રવૃત્તિનું પ્રેરક ભાવનાશીળ હૃદય છે. પૂર્વકાળે ધર્મ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રવર્ત્તકો, અને શ્રેય:સાધક મહાત્માઓ શુભ પ્રવૃત્તિ સંપાદન કરવા માટે શુભ ભાવનાઓને સાધતા હતા. અને શુભ પરિણતિની જાગ્રતિના માહાત્મ્યને દર્શાવવા માટે તેઓ શુભ પ્રવૃત્તિ કરતા હતા.

તે શુભ પ્રવૃત્તિ ગૃહસ્થ અને ત્યાગી બંનેને કરવાની છે. તેઓ બંનેની શુભ પ્રવૃત્તિ જુદી જુદી ભાવનામાં અને જુદી જુદી દિશાઓમાં રહેલી છે. સંવેગથી રંગિત થયેલા ભાવ અને દ્રવ્ય ઉભય મુનિઓની શુભ પ્રવૃત્તિ મન, વચન અને કાયાના ભેદથી ત્રિવિધ છે. હૃદયના શુદ્ધ પ્રદેશમાં જગત્‌ના જંતુઓને માટે શુભ ચિંતવન કરવું, તે ત્યાગીઓની માનસિક શુભ પ્રવૃત્તિ છે. મનુષ્ય પ્રાણીઓને શ્રેયના માર્ગનો ઉપદેશ આપવો, એ તેમની વાચિક શુભ પ્રવૃત્તિ છે. અને અનેક જાતના પરીષહોને સહન કરી, બ્રહ્મચર્યનું પાલન કરી સંયમને બરાબર પાળવો, વિવિધ ક્ષેત્રોમાં વિહરવું, એ તેમની કાયિક શુભ પ્રવૃત્તિ છે. તેમનો સંયમ નિવૃત્તિમય છતાં લોક કલ્યાણને માટે પ્રવૃત્તિમય દેખાય છે. લોક કલ્યાણના માર્ગ અસંખ્ય છે, છતાં સંયમની બાધા ન થાય તેવી રીતનો શુદ્ધ–નિર્દોષ માર્ગ ગ્રહણ કરવામાંજ તેમની કૃતાર્થતા છે. એવી શુભ પ્રવૃત્તિ કરનારા સાધુપુરૂષો નિષ્કામ છતાં પોતાની કલ્યાણ વાસનાઓની તૃપ્તિને માટે તે શુભ પ્રવૃત્તિને સ્વીકારે છે. કારણ કે, તેમની ઉત્કૃષ્ટ શક્તિઓની સાર્થકતા વિશાળ પરમાર્થમાં, ભૂતદયામાં અને જગત્‌ના કલ્યાણમાંજ રહેલી છે.

ગૃહસ્થ વર્ગના સંબંધમાં પણ શુભ પ્રવૃત્તિના ત્રણ પ્રકાર પડે છે. ૧ માનસિક શુભ પ્રવૃત્તિ, ૨ વાચિક શુભ પ્રવૃત્તિ અને ૩ કાયિક શુભ પ્રવૃત્તિ. દેશ, કાળ અને સ્વશક્તિ–એ ત્રણેની વાસ્તવિક સ્થિતિ તથા મર્યાદા લક્ષમાં રાખી ગૃહસ્થોએ એ ત્રિવિધ શુભ પ્રવૃત્તિ આચરવી જોઈએ. પોતાની કોમમાં પેઠેલાં ગાઢ અજ્ઞાન, દારિદ્રય અને કુસંપને દૂર કરવાના ઉપાયો ચિંતવવા, અને તેને માટે ઉચ્ચ લાગણી હૃદયમાં ધારણ કરવી અને પોતાના જાતિ–ધર્મબંધુના દરેક જાતના દુ:ખો દૂર કરી તેમને ધર્મમાર્ગે ચડાવવા, તેને માટે સ્વાત્મભોગ કરવાનો નિશ્ચય કરવો એ ગૃહસ્થોની માનસિક શુભ પ્રવૃત્તિ કહેવાય છે. એવી શુભ પ્રવૃત્તિના ચિંતકો કોમના કલ્યાણની ભાવના ભાવી અપરિમિત પુણ્યરાશિ સંપાદન કરે છે.

ધર્મ, સંસાર, નીતિ, શિક્ષણ અને સાહિત્ય વિગેરે આ જગત્‌માં પ્રજા જીવનના ઉચ્ચ પ્રદેશો છે, તે ઉપર વિવેચન કરવું, કરાવવું, અને તેવા ઉત્તમ ઉપાયોની યોજના રચવી,–કરવી તેમજ તેવા વિષયોના વક્તા થવું અથવા દ્રવ્યનો વ્યય કરી તેવા વક્તાઓને સહાય આપવી અને તેવા લેખકોને ઉત્તેજન આપવું, અને તેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી વ્યવહારિક તેમજ ધાર્મિક પ્રવૃત્તિ ઉચ્ચમય કરાવવી એ ગૃહસ્થોની વાચિક શુભ પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિ ઉન્નતિના ઉત્કર્ષને સારી રીતે સાધી શકે છે.

જે સ્થળે જ્ઞાનના સાધનો ન હોય, અને જે સ્થળે ધર્મ, નીતિ અને માહિતી ને વિકાસ કરનારા ઉપાયો મળી શકે તેમ ન હોય, તેવા સ્થળમાં જવું અને તેને માટે કાયિક પ્રયત્નો કર્યા કરવા, તે ગૃહસ્થોની કાયિક શુભ પ્રવૃત્તિ કહેવાય છે. આ પ્રવૃત્તિ ગૃહસ્થોનાં જીવનને ઉચ્ચ ભાવનાનાં કારણ રૂપ બને છે.

આ શુભ પ્રવૃત્તિ મુખ્યત્વે કરીને ત્રણ પ્રકારે કહેવાય છે, પરંતુ વિવિધ પ્રસંગોને લઇને કરવામાં આવેલા સત્કાર્યોને અનુસારે તેના બીજા પણ ભેદો પડી શકે છે. જેમકે, પોતાના આત્માને ઉદ્દેશીને જે શુભ પ્રવૃત્તિ કરવામાં આવે તે **આત્મગત શુભ પ્રવૃત્તિ** અને બીજાને લઇને જે શુભ પ્રવૃત્તિ કરવામાં આવે તે **પરગત શુભ પ્રવૃત્તિ** કહેવાય છે. અને તે ઉભય પ્રવૃત્તિને **સ્વપરગત શુભ પ્રવૃત્તિ** કહે છે.

ગમે તે પ્રકારની શુભ પ્રવૃત્તિ પુણ્યરાશિની ઉત્પાદક થાય છે. દેશ, કુટુંબ અને પ્રાણિમાત્ર—એ સર્વનું શ્રેય કરવાનું પ્રવર્ત્તન એ શુભ પ્રવૃત્તિનું બીજ છે અને તેવી ધારણા રાખનારા ઉત્તમ મનુષ્યોનું જીવન સૂત્ર છે. અનેક સુખની તૃષ્ણાને છોડી નિઃસ્વાર્થ હૃદયથી પરોપકાર કરવા, પોતાની કોમની ઉન્નતિના દરેક પ્રદેશમાં થતા મંથનને તપાસી તેમાં યોગ્ય લાગે તેવા વિચારો આપવા, કોમની ભવિષ્યની ઉન્નતિના માર્ગો ખોળી પોતાના જ્ઞાતિબંધુઓની સમીપ મુકવા, નિષ્પક્ષપાત દૃષ્ટિથી કોમની સમગ્ર સ્થિતિનું અવલોકન કરવું, દીન, નિરાશ્રિત, અપંગ અને નિરાધાર દરેક મનુષ્ય વ્યક્તિને માટે સહાય આપવા ઉત્સુક રહેવું, કોઇ પણ રીતે માનવજાતિને ઉપયોગી થવું, સામાજિક કાર્યો બજાવવાને માટે સર્વદા તત્પર રહેવું, અને તેવી રીતે તત્પર રહેનારાઓને અનુમોદન આપવું, એ બધી શુભ પ્રવૃત્તિઓ છે, તે આ લોક તથા પરલોકના શ્રેયનું કારણરૂપ થાય છે.

ગાંધી વલ્લભદાસ ત્રિભુનદાસ
ભાવનગર.

# સમયના પ્રવાહમાં કંઈક.

કોઇપણ દેશ કે ધર્મ નો ભૂતકાળ કે તેની ગૌરવતા, પ્રાચીનતા, પ્રભાવશાલીતા જણાવનાર તેનું સાહિત્યજ છે તેમાં ઇતિહાસ મુખ્ય છે. કોઇપણ ઇતિહાસસંશોધક, કે ઇતિહાસકાર પોતાનો અનુભવ સુંદર અને વિવિધ તરેહની તેના ખરા સ્વરૂપે જનસમાજ આગળ કાવ્ય, નાટક, ગદ્ય પદ્યમાં ગમે તે રીતે મુકે, તો તે ખરેખરી એક પ્રકારે દેશની કે પ્રજાની સેવા કરી કહેવાય, પરંતુ જ્યારે કપોલ કલ્પીત રીતે કે કોઇ અભાવના કારણે કે બીજી બાજુ તપાસ્યા વગર તે ઇતિહાસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે બહાર મુકે અને તેમાં જ્યારે દેશની કોઇપણ પ્રજાના ધર્મ કે ધર્મગુરૂ કે તે માંહેના કોઇ પવિત્ર પુરૂષોને ખોટા સ્વરૂપમાં કે નિંદનીય રૂપે ચીતરે તો તે ખરેખર તે ઇતિહાસ વિકારી થઇ જાય તેટલુંજ નહીં પરંતુ ઇતિહાસના ખરા સ્વરૂપનો નાશ પણ થયો કહેવાય. હાલમાં ગુજરાતી ભાષામાં ઐતિહાસિક ગ્રંથોના લેખક સાક્ષરવર્ય રા૦ મુનશીજીએ ગુજરાતનો નાથ વિગેરે ગ્રંથો લખી પ્રસિદ્ધ કર્યા છે અને "ગુજરાત" માસિકમાં તેવીજ ઐતિહાસિક વાર્તા "રાજાધિરાજ" ની પણ તેઓ લખે છે. પ્રથમ ગ્રંથ જ્યારે બહાર પડયો ત્યારે તે માંહેના જૈન પાત્રોને વિકારી અને ઉલટા સ્વરૂપમાં મુકવામાં આવેલા જે વખતે જૈન સમાજમાં ખળભળાટ ઉઠેલો અને કેટલાક પેપરોએ તે સંબંધમાં લખેલું. અમોએ પણ તે વખતે આ ભૂલ ભરેલી હકીકત માટે રા૦ મુનશીજીને સૂચના કરી હતી. ત્યારબાદ તે હકીકત ઉત્તરોત્તર રા૦ મુનશીજીએ પોતાના તેવા ઐતિહાસિક ગ્રંથોમાં ચાલુ રાખી જૈન કોમની લાગણી દુખાવી છે. તેટલુંજ નહી, પરંતુ સાહિત્ય પ્રેમી નવ યુવકોને તેમ કરી આડે રસ્તે દોરવે છે. જ્યારે કોઇપણ ઇતિહાસ લખવો હોય ત્યારે જુદા જુદા ધર્મો કે ધર્માચાર્યો કે તે ધર્મ પાળનાર કોઇ મુખ્ય પાત્ર સંબંધી હકીકત લખવાની હોય છે, ત્યારે તે તે ધર્મોના ઇતિહાસ, ઐતિહાસિક ગ્રંથોનું પણ અધ્યયન કરી લખવામાં આવે તોજ આવી બાબતોમાં ઇતિહાસ બરોબર ખરા સ્વરૂપે લખી શકાય; પરંતુ માત્ર તે ઉપર દૃષ્ટિ ન રાખતાં પોતે માનેલું કે એક તરફી શોધેલું વાંચેલું તેના ઉપર આગ્રહ રાખવામાં આવે અથવા તે સાથે કપોલ કલ્પીત પાત્રો ચિતરવામાંજ પોતે રસ માની લઇ કોઇપણ ઇતિહાસકાર તેવો ઇતિહાસ લખે તો તે ઇતિહાસ જેમ પ્રમાણિક નહીં ગણાતાં વિકારી ગણાય છે તેમ ખરેખર અંદરના પાત્રોને અવળા સ્વરૂપમાં ચિતરાતા, કોઇપણ ધર્મ કે ધર્મગુરૂઓ ઉપર આક્ષેપો થતાં તે ધર્મની લાગણી દુખાતા કલેશ ઉત્પન્ન થાય છે. રા૦ મુનશીજીએ જૈનધર્મનો ઇતિહાસ કે ઐતિહાસિક ગ્રંથો જોયા પછી આ ઐતિહાસિક ગ્રંથો લખ્યા હોત તો તેમાંહેના ઉચ્ચ પાત્રોને અવળા ચિતરવાનો જેમ અવકાશ ન રહેત, તેમજ કપોલ કલ્પીત તરંગોથી પોતાની કલમવડે આ ઐતિહાસિક ગ્રંથોના ઉચ્ચ જૈન પાત્રોને બેહુંદા ચિતરી ઇતિહાસને આવી રીતે વિકારી બનાવત નહીં. જેને જૈન કોમ કલિકાલ સર્વજ્ઞ મહાન્ ધુરંધર આચાર્ય તરીકે માને છે, પૂજે છે તેવા શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય જેવા અપૂર્વ ત્યાગી અને પરોપકારી મહાપુરૂષના નિર્વિકારી મગજને "ગુજરાત" માસિકમાં આવતી "રાજાધિરાજ" ની વાર્તામાં મંજરી જેવી સતી સ્ત્રીના માત્ર દર્શનથી રા૦ મુનશીએ તે મહાત્માને વિકારી સાથે ભ્રમિત બનાવી ખરા ઇતિહાસને ધ્વંસ કરવાનું સાહસ કરેલ છે.

તે ઉપરાંત શત્રુંજયના ઉદ્ધારક, પરસ્ત્રી માબ્હેન અને પરધન પથ્થર સમાન ગણનાર એક ઉત્તમોત્તમ શ્રાવકરત્ન બાહડ મંત્રીને પણ તેજ સ્ત્રી રત્ન મંજરીના રૂપમાં મુગ્ધ બનાવી તેની તાબેદારી ઉઠાવતો ચીતરવામાં આવ્યો છે; આ સિવાય મીનલ, આમ્રભટ, ઉદામંત્રી જેવા ઉચ્ચ શ્રાવક નરરત્નો પાસે અણછાજતું કાર્ય કરાવવાનું રા૦ મુનશીએ જે આળેખ્યું છે તે એક વિચિત્રતાજ છે. તેટલુંજ નહીં પરંતુ તેઓના આ ઐતિહાસિક ગ્રંથોમાં ઇતિહાસના ભુષણરૂપ ગુજરાતના નરરત્નો જૈનપાત્રોને ક્રૂર, અને દુર્ગુણી વિગેરે અવળા સ્વરૂપમાં ચિતરવામાં રા૦ મુનશીએ પાછુંવાળી જોયું નથી. આવા ગુજરાતના ઉપયોગી ઇતિહાસને આટલી હદ સુધી વિકારી ચિતરી, જૈનપાત્રોને અવળા સ્વરૂપમાં લખી જૈન કોમની ખરેખર લાગણી દુખાવી છે જે શોચનીય છે. આને માટે ગુજરાતના કોઈ સાહિત્યપ્રેમીએ કશો પણ પ્રયત્ન કર્યો નથી, જેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુજરાતના સાહિત્ય પ્રેમીઓ તેમાં વિશેષે કરીને જૈન સાહિત્ય રસિક પુરૂષોએ તે તરફ લક્ષ આપવાની જરૂર છે, તે સાથે જૈન કોન્ફરન્સ, જૈન એસોસીએશન ઓફ ઇંડીયા અને પ્રખ્યાત સંસ્થાઓ અને ઇતિહાસ પ્રેમી મુનિમહારાજાઓએ ઇતિહાસનો થતો દ્રોહ તેમજ જૈનધર્મ અને ધર્માચાર્યો તથા ઉત્તમ શ્રાવકરત્નોની થતી અવહેલના માટે પોતાનો વાંધો જૈન ઇતિહાસનું અવલોકન કરી, આ અમૂલ્ય અવસર ન જવા દેતાં આપણા ગુજરાતના ઐતિહાસિક સાહિત્યને જલ્દીથી બહાર લાવવું અને રા૦ મુનશીએ પોતાના ઐતિહાસિક ગ્રંથોમાં જૈનપાત્રોને અવળા ચિતરી ગુર્જર ઇતિહાસમાં જે સ્ખલના કરી અપૂર્ણ ચિતરી ખરેખરા ઇતિહાસને દૂર કર્યો છે, અને જૈન પવિત્ર પુરૂષોને ખોટા કલંકીત ચિતરી કોમની લાગણી દુખાવી છે તે માટે જૈન સાક્ષરો, જૈન સંસ્થાઓ અને વિદ્દદ્વર્ય જૈન મુનિઓએ લક્ષ આપી રા૦ મુનશીની તે ભૂલ સુધારી ખરો ઇતિહાસ–ખરી હકીકત બહાર પાડવાની જરૂર છે. અને રા૦ મુનશીએ કોઇ ઐતિહાસિક ગ્રંથો ઉપરથી કે કપોલ કલ્પીત રીતે આવો ઇતિહાસ લખી જૈનધર્મના પવિત્ર પુરૂષોને અવળા ચિતર્યા છે તેનો નમ્ર ભાવે જૈન કોમ તરફથી ખુલાસો પણ માંગવાની જરૂર છે. તે સાથે જૈન ઇતિહાસના કુમારપાળ ચરિત્ર, કુમારપાળ પ્રતિબોધ, કુમારપાળ પ્રબંધ વિગેરે અનેક ગ્રંથોમાંથી ખરેખરી હકીકત પણ બહાર મુકી રા૦ મુનશીએ લખેલ ઐતિહાસીક આ ગ્રંથો અપૂર્ણ છે અને કલંકીત રીતે ચિતરેલા જૈન પાત્રો અયોગ્ય રીતે કે એક બાજુની દ્રષ્ટિથી ચિતરેલ છે અને ખરી હકીકત અને પ્રમાણિક ઇતિહાસ જુદો છે તેમ જૈન કોમે બતાવી આપવાની જરૂર છે.

× × × × ×

શહેર ભાવનગરની જૈન પ્રજામાં અત્યારે જે શ્રદ્ધા, લાગણી, ક્રિયાપાત્રતા અને જે જાહોજલાલી જોવાય છે તે સ્વર્ગવાસી મહાત્મા શ્રીમાન્ વૃદ્ધિચંદ્રજી મહારાજની કૃપા અને ઉપકાર અને ઉપદેશનું ઘણા ભાગે અપૂર્વ ફળ છે. છતાં આ પ્રાતઃસ્મરણીય ઉપકારી પૂજ્ય પુરૂષની સ્વર્ગવાસ તિથિ આ માસની વૈશાક શુદ ૮ ની છતાં ભાવનગર જૈન સમુદાય કે જેના ઉપર તેઓશ્રીનો ખાસ ઉપકાર છે તેવા તેમના ભક્તો અથવા જેના ઉપકાર નીચે જૈન સંસ્થા સ્થપાયેલ છે તેવું માને છે, લખે છે તે સર્વે પણ આ મહાન પુરૂષના ઉપકારને ભૂલી ગયા હોય તેમ જણાય છે.

પોતાના વડિલો પોતાના પુત્રોને લક્ષ્મીનો વારસો આપી જાય છે તે પુત્રો પોતાના પિતાની તેવી તિથિ યાદ કોઇપણ રીતે પણ કરે; પરંતુ જે મહાન પુરૂષ ધર્મ, ધન કે જેની વૃદ્ધિ થતાં આત્માનો મોક્ષ થાય તે સોંપી ગયા છે એવા પરમ પવિત્ર ઉપકારી પુરૂષને યાદ કરવામાં ન આવે તે ઘણું શોચનીય છે. માત્ર એકાદ વખત આ મહાત્માના ગુણ ગ્રામ કરવા સામાન્ય સમુદાય એકઠો થયો હતો, પરંતુ તે પછી અમારા આગેવાનો કે જેના ઉપર તેઓશ્રીનો અપરિમિત ઉપકાર છે તેઓ પણ આ મહાન પુરૂષને યાદ કરતા કરાવતા નથી. સાંભળવા પ્રમાણે ( શ્રાવક વર્ગને ધંધાને અંગે ફુરસદ ન હોવાથી ) આ વખતે શ્રાવિકાવર્ગે માત્રપૂજા ભણાવી હતી. આવા મહાન પુરૂષના ઉપકારનું રૂણ અદા કરવા તે દિવસે આરંભ સમારંભના કાર્યો બંધ કરવા, જીવદયા પળાવવી, અણોજા પાળી વ્રત પચ્ચખાણ સ્વામિવાત્સલ્ય તપ, જપ, દાન, ધ્યાન, ગુણગ્રામ, પ્રભુ ભક્તિ, અને તે મહાત્માના ગુણોનું વર્ણન કરી સાંભળી તે પ્રમાણે વર્તન કરવું એટલા ઉત્તમ કાર્યો કરી જયંતી ઉજવવી જોઇએ, પ્રભુના કલ્યાણકમાં જેમ ધર્મ કરણીઓ કરવામાં આવે છે, તેમ આ મહા પુરૂષના ઉપકારનું સ્મરણ કરી દર વર્ષે તે રૂણમાંથી અમુક અંશે મુક્ત થવા ગુરૂભકિત કરવી જોઇએ. તેમના પૂજ્ય શિષ્ય મંડળે પણ તેઓ જે ગામ વિચરતા હોય ત્યાં અને ખાસ કરીને ભાવનગરમાં તો તે દિવસે ખાસ જયંતી મહોત્સવ ઉપર મુજબ થવો જોઇએ, આટલું જો આવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરમ ઉપકારી મહાપુરૂષો માટે ન કરવામાં આવે તો ભાવનગર જૈન સમુદાય અને ખાસ કરીને તેના ભક્તો, ગુરૂકૃપા અને ઉપકારની અવગણના કરનારા અને ગુરૂભક્તિની કિંમત ઓછી કરનારા અને માત્ર મોઢેથી બોલનારાજ છે એમ કોઇ માને તે અસ્થાને નથી. અમો અત્રેના જૈન સમુદાય અને તેના નેતાઓને ગુરૂભક્તિ કરવા નમ્ર સૂચના કરીએ છીએ.

# આત્માના જ્ઞાનાદિક ગુણોને પુષ્ટિ આપનાર પૌષધ.

શ્રાવકનાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત પૈકી અગીયારમું પૌષધવ્રત છે. સામાયક અને દેશાવગાસિક તો ખપી શ્રાવક કે શ્રાવિકાઓ હંમેશાં નિયમસર કરી શકે છે. પણ પોષધવ્રતમાં કેટલીક કઠણુતાને લઇને તે પર્વ દિવસે બહુધા કરવા નિર્માણ થયેલ છે. દરેક આઠમ, પાખી, પૂર્ણિમા તથા અમાવાસ્યા જોગે તો તેનું સેવન કરવા શાસ્ત્રોમાં કઇક સ્થળે વિધાન છે. વધારે વખત બની ન શકે તો એવા પર્વ પ્રસંગે તેનો અવશ્ય આદર કરવા ભૂલવું ન ઘટે. તે પૌષધનું સ્વરૂપ સમજી તેનો ખપ કરવામાં વિશેષ લાભ હોવાથી તેનું સ્વરૂપ શ્રાવક કલ્પતરૂ વિગેરેમાં વર્ણવેલું છેજ; છતાં અહીં સંક્ષેપથી તેનું વર્ણન કરી ભવ્ય જનોનું તે તરફ મન આકર્ષવા યત્ન કરશું.

આજ કાલ શ્રાવક જનોમાં સુખશીલતા કહો કે પ્રમાદ વધતો જાય છે. તેથી પોષધ-પ્રતિક્રમણાદિકમાં પ્રવૃત્તિ ઘણી મંદ થયેલી છે, અને જે કંઇ થાય છે તે પણ બહુધા સમજ વગરની ગતાનુગતિકતાવાળી અને ઉપયોગ શૂન્ય, કોઇ વિરલ સદ્ભાગી શ્રાવક શ્રાવિકાઓજ તે તે ધર્મ કરણી સમજ સહિત સદ્ભાવથી ઉપયોગ સહ કરતા હશે. તેમને અવલંબી બીજા થોડા ભાઇ બ્હેનો પણ કંઇક ઠીક લાભ લેતા હશે. પણ જ્યાં ત્યાં અતિ ઘણી મંદતા યા ઉપેક્ષાજ થતી દીસે છે. ખાસ કરીને અભ્યાસ જોગે આત્માને સ્થિર કરવાનું, મન-ઇન્દ્રિયોને કાબુમાં રાખવાનું અને કષાયોનું દમન કરવાનું જેથી સુતર થાય એવા સત્ સાધનોનીજ ઉપેક્ષા કરવી તે આત્મદ્રોહ લેખાય. ચાર પહોર કે આઠ પ્રહર પર્યન્ત પોષધ-સામાયકમાં નીચે મુજબ ચાર પ્રકારની પ્રતિજ્ઞા કરાય છે.

૧ સર્વથા કે દેશથી ખાન પાનનો ત્યાગ.

૨ શરીર સત્કાર ( સ્નાન-મર્દન પ્રમુખનો ) સર્વથા ત્યાગ.

૩ સર્વથા મન વચન કાયાથી બ્રહ્મચર્ય પાળવું ( વિષય ભોગથી વિરમવું. )

૪ સર્વથા પાપ વ્યાપારનો ત્યાગ કરવો.

મુખ્ય પણે સૂર્યોદય પહેલાં એ મુજબ પ્રતિજ્ઞા કરી સૂર્યાસ્ત સુધી કે ફરી સૂર્યોદય થતાં સુધી પાળવી ઘટે. વીશસ્થાનક, જ્ઞાન પંચમી, મૌન એકાદશી વિગેરેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તપ કરનારા ધારે તો ઉપર મુજબ સમજસાથે ચારે પ્રકારના પૌષધનો લાભ પણ સહેજે હાંસલ કરી શકે. તેમ કરવાની અનુકૂળતા ન હોય તો તેમાંથી સમજીને તે તે આરાધનના દિવસે બને તેટલો તો લાભ લેવા ચૂકવું ન જોઇએ. મુખ્યપણે સદ્ગુરૂનો સાક્ષાત જોગ હોય તો તેમની સમીપેજ યથાવિધિ પોષધ ઉચ્ચરવો, તેવો જોગ ન હોય તો ગુરૂમહારાજની સ્થાપના ( સ્થાપનાચાર્ય ) સમીપે પણ ઉચ્ચરવો. દ્રઢ વૈરાગ્ય વાસનાવાળા શ્રાવકો રાત્રી સમયે પોષધમાં કાઉસ્સગધ્યાને રહી શકે અને પ્રમાદ બને તેમ ઓછોજ કરે. દિવસે તો વગર કારણે નિદ્રા નજ કરે. પોષધ ઉપવાસના પારણે મુનિરાજનો જોગ પામી તેમના પાત્રમાં યથાવિધિ નિર્દોષ આહાર વહોરાવી પછી પોતે પારણું કરે, તેવો જોગ ન હોય તો ભોજનની વખત થતાં સુધીમાં ગુરૂની રાહ જોવે. છેવટે વ્રતધારીને જમાડી દીન દુઃખીને સંતોષી ઉચિત સાચવી પારણું કરે. ઇતિશમ્.

( સ. મુ. ક. વિ. )

# શ્રી શીલરૂપ વૃક્ષની યતના વાસ્તે નવવાડનું લેશમાત્ર સ્વરૂપ.

બ્રહ્મચર્યની નવ પ્રકારની ગુપ્તિ એટલે શીલની નવ વાડોને જાળવી રાખવી.

વૃક્ષ ( ઝાડ ) નું જેમ વાડથી રક્ષણ થાય છે, તેમ આ નવ વાડોથી શીલરૂપ વૃક્ષનું રક્ષણ થાય છે.

૧ પ્રથમ વાડે–સ્ત્રી, પશુ, પંઢક ( નપુંસક ) જ્યાં વસતા હોય ત્યાં વસવું નહીં. કેમકે ત્યાં વસવાથી શીલરૂપ વૃક્ષનું કુશલપણું રહે નહીં. જેમ મિંજારી ( બિલાડી ) ના સંગે ઉંદર પ્રમુખને કુશલપણું ( ક્ષેમપણું )ન રહે, તેમ સ્ત્રીયાદિક સંયુક્ત વસ્તીના સંગથી શીલરૂપ વૃક્ષને કુશલપણું રહે નહીં.

૨ બીજી વાડે–સ્ત્રીની કથા કરવી નહીં. અથવા એકલી સ્ત્રીની સંગત (સોબત) પણ કરવી નહીં. યાવત્ એકલી સ્ત્રી સાથે ધર્મની વાત પણ કરવી નહીં.

૩ ત્રીજી વાડે–સ્ત્રી સાથે એક આસને બેસવું નહીં. યાવત્ પોતાની માતા અથવા બ્હેન જે આસન ઉપરથી બેસીને ઉઠે, તે આસન પર એક મુહૂર્ત ( બે ઘડી ) સુધી બેસવું નહીં. જેમ પુરૂષને સ્રીના આસન પ્રમુખની યતના રાખવાની ભલામણ છે, તેમ સ્ત્રીને પણ પુરૂષથી યતનાની ભલામણ સમજવી. વળી શીલવંતી સ્ત્રી સાત વર્ષ ઉપરાંત પુત્રને સાથે સુવાડે નહીં. માર્ગે એકલી સ્ત્રી સાથે પુરૂષે જવું નહીં. અને એકલા પુરૂષ સાથે સ્ત્રીએ જવું નહીં. બે પુરૂષોએ પણ સાથે સુવું નહીં.

૪ ચોથી વાડે–સ્ત્રીના અંગોપાંગ નિરખવા નહીં, તેના ઉપર સ્નેહ રાગ આણવો નહીં. એટલે સ્નેહરાગથી સ્ત્રીનું રૂપ જોવું નહીં. યાવત્ ચિત્ર લિખિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ચિત્રેલી ) સ્ત્રીની મૂર્તિ–તે પણ જોવી નહીં. જેમ પુરૂષને સ્ત્રીના અંગોપાંગ ન જોવાની ભલામણ છે તેમ સ્ત્રીને પણ સમજવું.

૫ પાંચમી વાડે–એક ભીંતને આંતરે સ્ત્રી રાત્રે જ્યાં રહેતી હોય તે જ-ગ્યાએ રહેવું નહીં. કેમકે તે સ્ત્રી પોતાના પતિ સંગાથે હાવ ભાવ હાસ્યાદિક વચન બોલે, તે સાંભળી કામ વિકાર ઉપજે. એટલા માટે એક ભીંતને આંતરે ન રહેવું.

૬ છઠ્ઠી વાડે–પૂર્વે અવતીપણે જે કામક્રીડા કરેલી હોય, તે સંભારવી નહીં. કેમકે સંભાર્યાથી કામ વિકાર ઉપજે. એટલા માટે મનાઇ કરી છે.

૭ સાતમી વાડે–સરસ આહાર ખાવો નહીં. જે આહાર ખાતાં અથવા વિગય ( ઇંદ્રિયોને પુષ્ટ કરી વિકારને ઉત્પન્ન કરે એવી સ્નિગ્ધ વસ્તુ ) જેમાં ઘણી હોય, એવા આહાર ખાવા નહીં.

૮ આઠમી વાડે—અધિક ભોજન કરવું નહીં. પુરૂષને બત્રીશ કવળ ( કોળીયા ) પ્રમાણ માન કહ્યું છે. સ્ત્રીને અઠ્ઠાવીશ કવળ પ્રમાણ માન કહ્યું છે. તથા નપુંસકને ચોવીશ કવળ પ્રમાણ માન કહ્યું છે.

તેમાંથી એક બે કવળાદિ ઓછા ખાવા પણ અધિક ( વધારે ) ખાવા નહીં.

૯ નવમી વાડે—શરીરની શોભા કરવી નહીં. એટલે આભૂષણ ( દાગીના ) પહેરવા નહીં. અતિ ઉદ્ભટ ( ઉદ્ધત–પોતાની લાયકાતને ન છાજે એવો ) વેશ કરવો નહીં. અને સ્નાન વિલેપન કરવું નહીં. તે ઉપરાંત પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષય છે, તેને છાંડવા. ભારી વિગેરે આઠ સ્પર્શેંદ્રિયના વિષય છે. મીઠો વિગેરે પાંચ રસનેંદ્રિયના વિષય છે. સુરભિગંધ અને દુરભિગંધ એ બે ઘ્રાણેંદ્રિયના વિષય છે. સફેત વિગેરે પાંચ ચક્ષુરિંદ્રિયના વિષય છે. તથા જીવ શબ્દ વિગેરે ત્રણ શ્રોત્રેંદ્રિયના વિષય છે. એ ત્રેવીશ વિષયે કરી પાંચ ઇંદ્રિયોને પોષવી નહીં. એટલે પાંચ ઇંદ્રિયોને પોતાને વશ ( કબજે ) રાખવી. પણ મોકળી મૂકવી નહીં. મોકળી મૂકવાથી મૃગ ( હરણ ) પ્રમુખની પેઠે કષ્ટ ( દુઃખ ) મનુષ્ય પામે છે.

શ્રોત્રેંદ્રિય મોકળી મૂકવાથી મૃગ યાવત્ મરણ પામે છે. ચક્ષુરિંદ્રિય મોકળી મૂકવાથી પતંગીઆ દીપકની જાળમાં બળી મૃત્યુ પામે છે. ઘ્રાણેંદ્રિય મોકળી મૂકવાથી ભમરો ફુલમાં બંધાઇ મરણ પામે છે. રસનેંદ્રિય મોકળી મૂકવાથી મત્સ્ય ( માછલું ) જાળમાં પકડાઇ મૃત્યુ પામે છે. સ્પર્શેંદ્રિય મોકળી મૂકવાથી કરી ( હાથી ) ખાડામાં પડી મરણને શરણ થાય છે.

આ એક એક ઇંદ્રિય મોકળી મૂકવાથી કુરંગ પ્રમુખ જીવો યમરાજના ઘરમાં અતિથિપણાને પ્રાપ્ત થાય છે. એટલે મરણ કષ્ટને પામે છે. તો પાંચે ઇંદ્રિયો મોકળી મૂકવાથી કષ્ટ થાય, તેમાં શું કહેવું ? માટે જાણકાર પુરૂષોએ ઇંદ્રિયોને મો-કળી મૂકવી નહીં. એ વાડો શીલરૂપ વૃક્ષની રક્ષા માટે કહી છે. માટે શીલવંત પુરૂષોએ, એ વાડની સર્વદા રક્ષા કરવી.

લે૰ મુનિખેમકુંજરજી ( બાલચંદ્રજી ).

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# હિત-વચનો.

૧ પથ્થરની નાવ જેવા લોભી ગુરૂ ને લાલચી ચેલા બાપડા બંને બૂડે છે.
૨ નિર્લોભી સંત-સાધુની સંગતિથી સાચો માર્ગ પામી જીવનો નિસ્તાર સહેજે થાય છે. એવા સંત-મહંતની સેવા-ભકિત સફળ થઇ શકે છે.
૩ એવા સંતજનો પોતે તરે છે અને આશ્રિત જનોને પણ તારી શકે છે.
૪ નમ્રતા-લઘુતા-વિનય એ ખરેખર અજબ વશીકરણ છે.
૫ જો કરણી હલકી હોય-ઉંચી ન હોય તો ઉંચા કુળથી શું ફળ ?
૬ ચંદન-સુખડ, શેરડી ને સુવર્ણ સમા સજ્જનો છેદ્યા ભેદ્યા પીડયા-તાપ્યા છતાં પ્રાણાન્તે પણ પોતાની પ્રકૃતિ-સજ્જનતા તજતા નથીજ.
૭ અનેક વિકટ કસોટીઓમાંથી પસાર થઈ, નેહ નિભાવવો કઠણ છે.
૮ સંત-વચન અમ્રત જેવા મિષ્ટ-મધુર ને શીતળ હોઇ શાન્તિ આપે છે. ત્યારે દુર્જન-વચન ઝેર જેવા આકરાં હોઇ બાળીને ખાખ કરી નાંખે છે.
૯ સહુને સુખદાયક મિષ્ટ વચનજ બોલવું; કડવું કઠોર નજ બોલવું.
૧૦ પરમારથની ખાતર જાતે કષ્ટ સહવું, પણ સ્વાર્થ અંધ બની પરને પીડા ઉપજાવવી નહિજ એજ સંત-સાધુ જનોનો કઠણ માર્ગ છે.
૧૧ ગમે તેટલા ઉપદેશ જળથી કપટીનું મન ભીંજવાનું નહીં.
૧૨ નિઃસ્વાર્થી સંતજનોનું એક પણ હિતવચન સરલ સ્વભાવી ચોખ્ખા દિલના ભકત જનને માટે કલ્યાણ સાધક બને છે.
૧૩ જ્યાં લોકોને ગુણની કદર નજ હોય ત્યાં સાધુ-સંત શું કરે ?
૧૪ સ્વાર્થની ખાતર માંગવું મોત જેવું વશમું ને પરમાર્થની ખાતર માંગવું સારૂં લાગે તેમાં લાજ-શરમ-પ્રતિષ્ઠા હાનિ ન સમજે.
૧૫ એક અહંકાર કરવાથી જે કંઇ શુભ કર્યું-કરાવ્યું હોય તે ધૂળ મળે છે.
૧૬ અતિ હઠ-કદાગ્રહ કરવાથી ગમે એવું સુંદર કામ પણ વિણસે છે.
૧૭ અતિ સર્વત્ર વર્જવાનું કહ્યું છે. તેનો સુંદર આશય વિચારી લેવો.
૧૮ જેના દીલમાં ખરો પ્રેમ પ્રગટે તેને દુનિયા દાસરૂપ થઇ જાય છે. શુદ્ધ પ્રેમભરી ભકિત મુકિતને મેળવી આપે છે. લુખી ભકિત નહીજ.
૧૯ ઘટમાં પ્રેમ પ્રગટયો છાનો ન રહે. મુખથી બોલે નહી તો નેત્ર દ્વારા તેની પ્રતીતિ થાય. પ્રેમ અશ્રુવડે કે ખુમારીવડે તે પરખાય છે.
૨૦ ખરો પ્રેમ આઠે પહોરમાં પલક માત્ર વિસરે નહીં-કાયમ બન્યો રહે.
૨૧ સંયમ-આત્મ દમન-નિર્દોષ જીવન એ સકળ સુખની અજમાવી શકાય એવી અજબ ચાવી છે.

ઇતિશમ્.

મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શુદ્ધ સંયમ-આત્મનિગ્રહથી થતી આત્મ-શાન્તિ.

૧ કલ્યાણાર્થી જનો સ્વાધીનપણે શુદ્ધ સંયમનું સેવન કરી શાન્તિ મેળવી શકે છે. બીજાને તે મળી શકતી નથી.

૨ મનને અને ઇન્દ્રિયોને સ્વેચ્છા મુજબ ઉન્માર્ગે ચાલતાં યુક્તિથી સાવધાનતાપૂર્વક રોકી જે તેમને સન્માર્ગે પ્રવર્તાવે છે તે અનેક પ્રકારના ભાવિ દુઃખની જાળમાંથી મુક્ત થાય છે.

૩ રાગદ્વેષને ક્રોધાદિક કષાયોનો જે સુજ્ઞ જનો સમભાવ ધારણ કરી, ક્ષમા-નમ્રતાદિક સદ્ઉપાય વડે સાવધાનપણે જય-પરાજય કરે છે તેમના સુખનો પાર રહેતો નથી.

૪ મન વચનને કાયાની પવિત્રતા કહો કે વિચાર વાણી ને આચારની શુદ્ધિ જે ભવ્યજનો સાવધાનપણે સાચવી રાખે છે તેઓ અખંડ સુખ શાન્તિનો સહેજે અનુભવ કરી શકે છે.

૫ જે સંત-સાધુજનો સહુને કુટુંબતુલ્ય લેખીને કોઇને કયારે પણ પ્રતિકૂળતા ( દુઃખ-પરિતાપ ) ઉપજાવતાજ નથી તેમને પછી દુઃખ પરિતાપ આવેજ કયાંથી ? જેવું આપવું તેવુંજ મેળવવું.

૬ જે મુગ્ધજનો મોકળી વૃત્તિથી પ્રમાદ યા સ્વચ્છંદતા વશ ( વિષય-કષાય-નિંદા વિકથાદિકને આચરી ) અનેક જીવોને દુઃખ-ત્રાસ આપી એવાં આકરાં પાપ-કર્મ બાંધે છે કે પછી તેનું ફળ ભોગવતી વખતે તેને ભારે વસમું લાગે છે.

૭ તેથીજ સુખના અર્થી દરેક સુજ્ઞ જને મન ઇન્દ્રિયોને લગામમાં રાખવા, રાગદ્વેષાદિક ભાવથી સાવધાનપણે દૂર રહેવા, વિચાર વાણી ને આચારમાં પવિત્રતા સાચવી રાખવા, અને પાપવૃત્તિથી પાછા ઓસરી સંયમવૃત્તિ જાગ્રત કરવા જરૂર ખપ કરવો જોઇએ. એમાંજ બધા ઉપદેશનો સાર સમાયો છે.

૮ સાવ મોકળી વૃત્તિ રાખવા રૂપ અસંયમથી આ લોકમાં તેમજ પરલોકમાં જીવને ભારે વિપત્તિ વેઠવી પડે છે તેમાંથી સ્વાધીનપણે આત્મનિગ્રહરૂપ સંયમ સેવનારા બચી શકે છે.

૯ સંપૂર્ણ સંયમયોગના બળથી, સકળદુઃખમુકિત થઇ અક્ષય મોક્ષ સુખ મેળવી શકાય છે.

ઇતિશમ્

મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્વીકાર અને સમાલોચના

**૧ સુખી જીવન**—બુક. શેઠ લધાભાઇ ચાંપશી તરફથી અવલોકનાર્થે ભેટ મળી છે તે આભાર સાથે સ્વીકારીયે છીયે. પ્રસિદ્ધ રોમન વિદ્વાન સેનિકાકૃત ઇંગ્રેજી ગ્રંથનો આ ગુજરાતી અનુવાદ છે. વ્યવહારિક જીવન ગાળ્યા છતાં વિશુદ્ધ સંતુષ્ટ અને સુખી જીવન કેમ ગાળી શકાય ? તેજ આ ગ્રંથનો પ્રધાન આશય છે. સુખ શીરીતે પ્રાપ્ત થાય અને સુખ શું છે તેના જવાબમાં સર્વદા અંતઃક્ષોભથી વિમુકત રહેવું, આશા અને ભયનો આશ્રય કર્યાવિના સંતોષથી પ્રાપ્તનો નિર્વાહ કરવો. ભાવિની ચિંતા વિના વર્તમાનમાં વિહરવું, કર્તવ્ય સમજવુ. તેજ સુખ છે અને તે આપણા પોતાનામાંજ છે અને આપણને પ્રાપ્ત થઇ શકે તેવું છે વિગેરે આ ગ્રંથકર્તાએ આ ગ્રંથમાં જણાવ્યું છે. એકંદર રીતે આ ગ્રંથ યુરોપીય વિદ્વાનની કૃતિનો છતાં સાંમ્મિજિકરીતે સર્વને વાંચવા જેવો છે. પુના—જૈન શિક્ષણ પ્રસારકમંડળી તરફથી સાર્વજનિક જ્ઞાન પ્રસારક ગ્રંથમાળા તરીકે પ્રસિદ્ધ થયો છે. આ ગ્રંથની પ્રથમ આવૃતિ જુનાગઢ સ્ટેટ તરફથી પ્રકટ થયેલ વાંચતાં શેઠ લધાભાઇ ચાંપશી તથા હરગોવનદાસ રામજી મુંબઇ નિવાસીએ તેનો બ્હોળો ફેલાવો કરવાના હેતુથી ઉપરોક્ત સંસ્થાને સહાય આપી પ્રકટ કરાવેલ છે જેથી તે બંને ગૃહસ્થો ધન્યવાદને પાત્ર છે. કિંમત એક રૂપૈયો.

**૨ જિનેંદ્ર સ્તુતિ**—આ લઘુ ગ્રંથમાં ચોવીશ તીર્થંકર મહારાજની સરલ ગુજરાતી ભાષામાં કોઇ મેઘમુનિ નામના મુનિ મહારાજે બનાવેલ સ્તુતિઓનો સંગ્રહ છે. ભાષા સાદી સરલ સર્વ કોઇ સમજી શકે તેમ છે. પાછળ ૧૬ ગાથામાં સંસ્કૃત ભાષામાં બનાવેલ સ્તુતિ છે. આ બંને સંગ્રહ બંધુ માણેકલાલ નાનજીએ શાહ હરિચંદ મીઠાની આર્થિક સહાયવડે તેના ખપીને ભેટ આપવા માટે પ્રસિદ્ધ કરેલ છે. બંધુ માણેકલાલનો જ્ઞાનોદ્ધાર અને ફેલાવા માટે—આવા નિરંતર નિસ્વાર્થી પ્રયાસ માટે તે ધન્યવાદને પાત્ર છે. જોઇએ તેમણે માણેકલાલ નાનજી, પુંજા અમરાની શેરી, ભાવનગર એ શીરનામે પોસ્ટની ટીકીટ મોકલવાથી ભેટ મળશે.

**૩ મુંબઇ જીવદયા મંડળનો બીજો રીપોર્ટ**—તા. ૩૧–૧૨–૧૯૨૧ સુધીનો અમોને મળ્યો છે. જે ૭ માસની કાર્યવાહીનો છે. તે દરમ્યાન આ સંસ્થાના કાર્યવાહકોની શુભ પ્રવૃત્તિથી કડી પ્રાંતના ગામો, નાનવરા, મંડી સ્ટેટ, નેયાડીંકારી—મદ્રાસ, વીજયાનગર, વિઠલગઢ, ભાડાવલ વગેરે ગામોએ પશુવધ થતો અટકયો છે. દેશી રાજ્યોમાં પણ તેહેવારના દિવસે થતા પશુવધ અટકાવવા અપીલ વિગેરે કરી સારો પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ ખાતું તેને માટે પ્રજામત કેળવવા હેન્ડબીલો બુકો વિગેરે પ્રકટ કરી પોતાના જીવદયાના ઉદ્દેશને પાર પાડે છે. હિંદની સમગ્ર પ્રજાની આર્થિક સહાયની બ્હોળી જરૂર છે; તેવા સંયોગોમાં આ સંસ્થા વધારે સારૂં કાર્ય કરી શકે તેવું છે. આર્થિક સહાય આપવાની દરેકને અમો નમ્ર વિનંતિ કરીયે છીએ. કાર્યવાહકોને આ પ્રયાસ માટે ધન્યવાદ આપીયે છીયે.

**૪ સોજત મારવાડ જૈન સંસ્થાનો** રીપોર્ટ ત્રણ વર્ષનો અમોને મળ્યો છે. આ સંસ્થા તરફથી શ્રી મહાવીર લાઇબ્રેરી, કન્યાશાળાની સ્થાપના કરવામાં આવી છે. સંવત ૧૯૭૭ માં પૂજ્યપાદ શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજનો વિહાર સોજત તરફ થયો જેથી ત્યાં જરૂરીયાત જોતાં ઉક્ત મુનિરાજની હાજરીમાં સં. ૧૯૭૭ ની સાલમાં ત્યાંના પ્રાચીન જૈન મંદિરોની વ્યવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થા તથા સંરક્ષણુ માટે શ્રી શાન્તિવર્ધમાન નામથી શ્રી સંઘે પેઢીની યોજના કરી જેથી ત્યાંના જૈન મંદીરોનો વહીવટ અને ઉપર જણાવેલ લાઇબ્રેરી કન્યાશાળા વિગેરે સુવ્યવસ્થિત રીતે ચાલતાં ત્યાંના જૈન બંધુઓ તેનો સારો લાભ લે છે. આ વહીવટ કરવા એક કમીટી નીમવામાં આવેલ છે તે તથા રીપોર્ટની હકીકત વાંચતા હિસાબ વિગેરે બરાબર ચોખવટવાળો છે. અમો કાર્યવાહકોને ધન્યવાદ આપીયે છીએ. અને સંસ્થાનો અભ્યુદય ઇચ્છીયે છીએ.

× × × × ×

૫ લાલપર તાબે જામનગર દેરાસરજીનો રીપોર્ટ ભાગ બીજો અમોને મળ્યો છે. દેરાસરનો વહીવટ લાગણી પૂર્વક પ્રમાણીકપણે કરવામાં આવેલ છે તેમ આ રીપોર્ટ વાંચતા માલમ પડે છે. તે સાથે તેમાં નાનામાંનાની ચીજોનો નોંધ પણ કરવામાં આવેલો હોઇ કાર્યવાહક કમીટી અને તેના સેક્રેટરી શેઠ મોતીચંદ પાનાચંદ કાલજીપૂર્વક વહીવટ કર્યાનું સૂચવે છે. દરેક જૈન મંદિરોના રીપોર્ટ આવી રીતે દર વર્ષે પ્રગટ થવાની જરૂર છે. કે જેથી વ્યવસ્થા, મિલ્કત રક્ષણુ સારી રીતે થવા સંભવ છે. દરેક ગામના દેરાસરના વહીવટ કર્તાઓએ આ અનુકરણુ કરવાની જરૂર છે.

૬ સુરત શ્રી શ્વેતાંબર જૈન સમુદાયના રથ તથા જ્ઞાનખાતાનો હિસાબ તથા રીપોર્ટ સં૦ ૧૯૭૨થી ૧૯૭૮ સુધીનો અમોને પહોંચ્યો છે. હિસાબ અને વહીવટ પ્રમાણિકપણાથી કાળજી-પૂર્વક ઝવેરી જીવણુચંદ સાકરચંદે કરેલો છે એમ રીપોર્ટ ઉપરથી જણાય છે, તેટલુંજ નહીં પરંતુ તેજ સાલના ભાદરવા માસમાં ઉક્ત વહીવટ કરનાર ઝવેરી જીવણુચંદભાઇએ રીતસર પહોંચ વિગેરે લઇ ત્યાંના શેઠ નેમુભાઇની વાડીના ઉપાશ્રયના ટ્રસ્ટીઓને તપાસાવી મીલકત સુધાં સોંપી આપેલ છે, મૂળ વહીવટ કર્તાએ પ્રમાણિકપણે વહીવટ કરી છેવટે મીલ્કત વિગેરે સુપ્રત કર-વામાં પણુ ઘણીજ ચોખવટથી કામ કરેલ છે. દરેક વહીવટ કરનાર અને છોડનારે આ રીતે કરવું જોઇએ.

૭ નવલ સ્તવનાવળી–ઉક્ત બુક જેના યોજક મુનિશ્રી દર્શનવિજયજી, અને પ્રકટ કર્ત્તા શા છગનલાલ કરશનદાસ ભાવનગરવાળા તરફથી અભિપ્રાય અર્થે ભેટ મળેલ છે. આ બુકના યોજક મુનિરાજ શ્રી દર્શનવિજયજીના બનાવેલા સ્તવનો વિગેરે પ્રથમ ભાગમાં આવેલા છે, બીજા ભાગમાં શ્રીમાન પદ્મવિજયજી મહારાજ કૃત ચૈત્યવંદનો, સામાયક લેવાનો વિધિ કેટલીક પૂર્વાચાર્યકૃત સજ્ઝાયો, પચ્ચખાણુ લેવાનો વિધિ, ગાતમસ્વામીનો રાસ, છંદ, બારવ્રતની ટુંકી હકીકત, ચોવીશ જિનેશ્વરની રાશી, નક્ષત્ર અને છેવટે ભક્તામર સ્તોત્ર વિગેરે વિવિધ વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે જે ખાસ ઉપયોગી છે. આ બુકના પ્રયોજક મુનિરાજે બુકના પ્રથ-મના ભાગમાં પોતાના ગુરૂરાજ શ્રી પંન્યાસજી શ્રી ચતુરવિજયજી મહારાજનું ટુંકું જીવનચરિત્ર આપી ગુરૂભક્તિ પણુ બતાવી છે. જેથી તે ઉપયોગ કરવા લાયક છે. કિંમત. દશઆના. પ્રકટ કરનારને ત્યાંથી મળશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## आ सभा तरफथी प्रसिद्ध थयेला ग्रंथो–संस्कृत, मागधी अने भाषांतरना ग्रंथो.

१ समवसरणस्तवः ०–१–०
२ क्षुल्लकभवप्रकरणम् ०–१–०
३ लोकनालिका ०–२–०
४ योनिस्तवः ०–१–०
५ कालसप्ततिका ०–१–६
६ देहस्थितिस्तवो लघ्वल्पबहुत्वं च ०–१–०
७ सिद्धदण्डिका ०–१–०
८ कायस्थितिस्तवः ०–२–०
९ भावप्रकरणम् ०–२–०
१० नवतत्त्वप्रकरणं ( भाष्यविवृत्तिसमलंकृतम ) ०-१२-०
११ विचारपञ्चाशिका ०–२–०
१२ बन्धषट् त्रिंशिका ०–२–०
१३ परमाणु--पुद्गल--निगोदषट्त्रिंशिका ०–३–०
१४ श्रावकव्रत भङ्गप्रकरणम् ०–२–०
१५ देववन्दनादि भाष्यत्रयम् ०–८–०
१६ सिद्धपञ्चाशिका ०–२–०
१७ अन्नायउञ्छकुलकम् ०–२–०
१८ विचारसप्ततिका ०–३–०
१९ अल्पबहुत्वगर्भितवीरस्तवनादि. ०–२–०
२० पञ्चसूत्रम् ०–८–०
२१ जम्बूस्वामी चरित्रम् ०–४–०
२२ रत्नपाळनृपकथानकम् ०–६–०
२३ सूक्तरत्नावली ०–४–०
२४ मेघदूतसमस्यालेखः ०–४–०
२५ चेतोदूतम् ०–४–०
२६ अष्टाह्निकाव्याख्यानम् ०–६–०
२७ चम्पकमालाकथानकम् ०–६–०
२८ सम्यक्त्वकौमुदी ०-१२-०
२९ श्राद्धगुणविवरणम् १–०–०
३० धर्मरत्नप्रकरणं ( स्वोपज्ञटीकया समलंकृतम् ) ०-१२-०
३१ कल्पसूत्रं सुबोधिकानाम्न्या टीकया भूषितम् ) ०–०–०
३२ उत्तराध्ययनम् ( भावविजयगणिविरचितटीकयोपेतम् ) ५–०–०
३३ उपदेशसप्ततिका ०-१३-०
३४ कुमारपालप्रबन्धः १–०–०
३५ आचारोपदेशः ०–३–०
३६ रोहिण्यशोकचन्द्रकथा ०–२–०
३७ ज्ञानसाराष्टकं ( ज्ञानमञ्जरीनाम्न्या टीकया समलंकृतम् १–०–०
३८ गुरुगुणषट्त्रिंशत्षट्त्रिंशिकाकुलकं ( दिपिकया भूषितम् ) ०-१०-०
३९ समयसारप्रकरणं ( स्वोपज्ञव्याख्योपेतम् ) ०-१०-०
४० सुकृतसागरम् ०-१२-०
४१ धम्मिलकथा ०–२–०
४२ धन्यकथानकम ०–२–०
४३ प्रतिमाशतकम् ०–८–०
४४ चतुर्विंशतिस्तुतिसंग्रहः ०–६–०
४५ रौहिणेयकथा ०–२–०
४६ क्षेत्रसमासप्रकरणं ( स्वोपज्ञटीकया भूषितम् । ) १–०–०
४७ श्राद्धविधिः (विधिकौमुदीनाम्न्या वृत्त्योपेतः ) २–८–०
४८ बृहत्संग्रहणी २–८–०
४९ षड्दर्शनसमुच्चयः ३–०–०
५० पञ्चसंग्रहः ३–८–०
५१ सुकृतसंकीर्तनमहाकाव्यम् ०-१२-०
५२ चत्वारः प्राचीनकर्मग्रन्थाः २–८–०
५३ सम्बोधसप्ततिः ०-१०-०
५४ कुवलयमाला कथा–संस्कृत १–८–०
५५ सामाचारीप्रकरणं ( स्वोपज्ञटीकयाभूषितम् ) ०-१०-०
५६ करुणावज्रायुधनाटकम् । ०–४–०
५७ कुमारपालचरित्रमहाकाव्यम् ०-१०-०
५८ महावीरचरियं १–०–०
५९ कौमुदीमित्राणन्दनाटकम् ०–८–०
६० प्रबुद्धरौहिणेयम् ०–६–०
६१ धर्माभ्युदयम् ०–६–०
६२ पञ्चनिर्ग्रन्थीप्रज्ञापनातृतीयपदसंग्रहणी प्रकरणे ०–८–०
६३ रयणसेहरीकहा ०–८–०
६४ सिद्ध प्राभृत ०-१०-०
६५ दानप्रदीपं २–०–०
६६ बंध हेतूदयत्रिभंगी आदि ०-१२-०
६७ धर्म परिक्षा ०-१२-०
६८ सप्ततिशतस्थान १–०–०
६९ चैत्यवंदन महाभाष्य १-१२-०
७० प्रश्नपद्धति ०–२–०
७१ कल्प किरणावली ०–०–०
७२ योगदर्शन १–८–०
७३ मंडल प्रकरण ०–४–०
७४ देवेन्द्रनरकेन्द्र सटीक ०-१२-०
७५ सुमुखनृपादिकथानकम् ०–८–०

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# માબાપનું કર્તવ્ય

"પરંતુ પરોપકારની દૃષ્ટિએ મા–બાપનાં કર્તવ્યનો વિચાર કર્યો હોય તો તેની મર્યાદા વધારે વધારવી જોઇએ. માનસિક શિક્ષણનો કંઇ ભાગ શિક્ષક ઉપર સોંપેલો હોય તો ચાલે અને સોઇને માટે તેવું કરવાની જરૂર પણ છે; પરંતુ કેટલાક ભાગ તરફ તો મા–બાપે જાતે લક્ષ આપવું જોઇએ. બુદ્ધિ વિષયક શિક્ષણનો અગાડીનો ભાગ શિક્ષક ઉપરજ સોંપવાથી ફાયદો છે. પરંતુ તે સંબંધમાં આરંભનો ભાગ અને નીતિ શિક્ષણને અંગભૂત એવાં જે મનો વિકારનાં શિક્ષણ તે માબાપોએ પોતાના હાથમાં લેવાં જોઇએ. આ કામમાં તેમને બીજાએ મદદ કરી હોય તો ચાલે. પરંતુ તેમની જગા બીજાએ લેવાથી ચાલવાનું નથી, હાથ ઉપર રમવાની સ્થિતિમાં છોકરૂં હોય તો પણ તેની બુદ્ધિનો વ્યાપાર ચાલેલો હોય છે, અને પોતાને ઉત્તેજન મળવા માટે તે તેની માના મ્હોં તરફ જોતું રહે છે, અને હાથમા કંઇ પદાર્થ હોય તો તે માને બતાવવા માટે તેના મ્હોં તરફ ફેરવવાનું કરે છે. તેને બોલતાં ચાલતાં આવડવા માંડે, અથવા જે નવીન વાત તેની નજરે પડે છે તેનું પોતાની બુદ્ધિએ ગૃહણ કરીને પોતે કાઢેલા અનુમાનો બરોબર છે કે નહિ એ તાકીને જોવાને વાસ્તે, તે પોતા ઉપર પ્રીતિ કરનારા મનુષ્યને, અને ઘણું કરીને માબાપને " આ એવું જ કે નહિ ? " " તે તેવું જ કે નહિ " આવા પ્રકારના પ્રશ્ન પૂછે છે; એવું કરવાને પોતાના બુદ્ધિ વિષયક વ્યાપારમાં ઉત્તેજન મળે એવો તેનો હેતુ હોય છે. નાનાં છોકરાંની એ ઇચ્છા તૃપ્ત કરવાનું કામ બીજા કરતાં માબાપ તરફથીજ વિશેષ થવું જોઇએ, અને નાના પ્રકારના પ્રશ્ન પૂછીને નવીન માહિતી મેળવવાની જે અતિશય ઇચ્છા નાનાં છોકરાંમાં દેખાઇ આવે છે તે તૃપ્ત કરીને ખરા શિક્ષણના પાયાનું મંડાણ માબાપેજ કરવું જોઇએ. શિક્ષણ પદ્ધતિનું સ્વાભાવિક સ્વરૂપ એજ થાય. અપત્ય-વાત્સલ્યને લીધે પોતાનાં છોકરાનું પદાર્થોનું અવલોકન કરવાની અને પછી તે સંબધી વિચાર કરવાની શક્તિ જોઇને માબાપને જેટલું કૌતુક લાગવાનો સંભવ છે, તેટલું બીજાને લાગવાનું નથી. એ માટે છોકરાંના બુદ્ધિ વિકાસને મદદ કરવાનું કામ માબાપના હાથથી જેટલું સારૂં થશે તેટલું બીજા કોઇના હાથથી થનાર નથી. નાના પ્રકારના પ્રશ્ન પૂછીને જ્ઞાનપ્રાપ્તિની અતિ ઉત્કટ ઇચ્છા નાનાં છોકરાં બતાવે છે. તે તૃપ્ત કરવાને અંગે સહન શીલતા જોઇએ. ઉપકાર બુદ્ધિને લીધે શાંત પણે તેમના પ્રશ્નના ઉત્તર આપવાને માબાપને કંટાળો આવનાર નથી. તે વારંવાર તેમને સમજવા જેવી નવીન વાત તરફ અને વિષય તરફ તેમનું લક્ષ વાળીને તેમનાં મનમાં અધિકાધિક જીજ્ઞાસા ઉત્પન્ન કરવા વિષે પ્રયત્ન કરશે. હવે કોઇ એમ કહેશે કે બાપને બહારના કામથી થાક લાગીને અને માને ગૃહકૃત્યના ત્રાસને લીધે એ કર્તવ્ય કરવાને વખત મળનાર નથી; પરંતુ ઘણો વખત મળે નહિ તો પણ દરરોજ નિયમિત થોડું થોડું લક્ષ દેવામાં આવે તો છોકરાંને યોગ્ય માર્ગમાં લાવી શકાય, અને તેમનામાં આપોઆપ સુધારો થઇ જાય. સુશિક્ષિત માબાપોને પોતાનાં છોકરાંની બુદ્ધિ કેવી કેવી રીતે વૃદ્ધિ પામે છે એનું લક્ષપૂર્વક અવલોકન કરવું એ એક ગમતજ છે. હ. સ્પેન્સરકૃત "પરોપકાર" માંથી

For Private And Personal Use Only